

અવધ ટાઇમ્સ

# ઇલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૨ તા.૨૨-૦૩-૨૦૨૪ શુક્રવાર




## જન જન કી એક હી પુકાર, અબકી બાર ચારસો પારનાં સુત્રો સાથે ભાજપનો જયજયકાર

# રાજકોટમાં અમરેલીવાસીઓ સાથે શ્રી પરશોત્તમ રૂપાલાની બેઠક

### રાજકોટમાં વસતા અમરેલીનાં નાગરીકો સાથે શુભેચ્છા મુલાકાત કરી ગુજરાતનાં ઉજ્જવળ ભવિષ્ય માટે ચર્ચા કરતા શ્રી પરશોત્તમ રૂપાલા

### લેઉવા પટેલ બોર્ડીંગનાં પ્રમુખશ્રી શામજીભાઇ ખુંટની મુલાકાત કરી વાળુ કરતા શ્રી પરશોત્તમ રૂપાલા : પંચ કલ્યાણી ઘોડીને નિહાળતા શ્રી રૂપાલા



અમરેલી,
જન જન કી એક હી પુકાર, અબકી બાર ચારસો પારનાં સુત્રો સાથે ભાજપનો જયજયકાર સાથે રાજકોટ બેઠકમાં શ્રી પરશોત્તમ રૂપાલાને અભુતપુર્વ આવકાર મળી રહ્યો છે અને રાજકોટમાં વસતા અમરેલીવાસીઓ સાથે શ્રી પરશોત્તમ રૂપાલાએ બેઠક યોજી હતી.

રાજકોટમાં વસતા અમરેલીનાં નાગરીકો સાથે શુભેચ્છા મુલાકાત કરી ગુજરાતનાં ઉજ્જવળ ભવિષ્ય માટે ચર્ચા કરતા શ્રી પરશોત્તમ રૂપાલાએ વિવિધ કાર્યક્રમો દરમિયાન રાજકોટનાં સરદાર પટેલ વિદ્યા મંદિર સંલગ્ન લેઉવા પટેલ બોર્ડીંગનાં પ્રમુખશ્રી શામજીભાઈ ખુંટની મુલાકાત કરી મિત્રો સાથે વાળુ કર્યુ હતું અને તે પ્રસંગે લોક સાંસ્કૃતિનાં ભાતીગળ ડાયરાની મોજ માણી હતી.

અને શ્રી શામજીભાઈનાં આંગણે સુંદર પંચ કલ્યાણી ઘોડીની સાચવણ અને તેના અશ્વપ્રેમનાં દર્શન કર્યા હતાં.

### બન્ને મુખ્ય પક્ષો દરેક જગ્યાએ ફુંકી ફુંકીને પગલા ભરે છે

## જો ઉમેદવાર પસંદ કરવામાં ભુલ થાય તો ભાંગફોડની પણ શકયતા

### કોઇ વિકલ્પ કે નુકસાની ન વેઠવી પડે તે માટે કાર્યકરો અને મતદારોનો રૂખ જોઇને રાજકીય પક્ષો શાંતીથી નિર્ણય કરી રહયા છે

અમરેલી, (ડેસ્કરિર્પોટર)
લોકસભાની ચૂંટણી આડે મોટો સમય છે અને તેવામાં જો ઉમેદવાર પસંદ કરવામાં ભુલ થાય તો ભાંગફોડની પણ શકયતા હોવાથી બન્ને મુખ્ય પક્ષો દરેક જગ્યાએ ફુંકી ફુંકીને પગલા ભરે છે.

વધુ લાંબો સમય પસાર કરવાનો કોઈ વિકલ્પ ન હોવાથી અને જે તે સમયે મોટી નુકસાની ન વેઠવી પડે તે માટે કાર્યકરો અને મતદારોનો રૂખ જોઈને રાજકીય પક્ષો શાંતીથી નિર્ણય કરી રહયા છે.

### રાજકોટ કોંગ્રેસમાં નવા સમીકરણો સર્જાય તેવી શકયતા

## શ્રી પરશોત્તમ રૂપાલા સામે શ્રી પરેશ ધાનાણીને લડાવવાની ચર્ચાથી રાજકોટ કોંગ્રેસમાં ભડકો

### શિક્ષીત અને કોર્પોરેશન એરીયા ધરાવતા રાજકોટમાં ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી ચુકેલ શ્રી પરેશ ધાનાણીને કોંગ્રેસ પાર્ટી દ્વારા દબાણ કરાઇ રહયું હતુ

અમરેલી, (ફીલ્ડરિર્પોટર)
રાજકોટ બેઠક ઉપર ભાજપના શ્રી પરશોત્તમ રૂપાલા સામે શ્રી પરેશ ધાનાણીને લડાવવાની ચર્ચાથી રાજકોટ કોંગ્રેસમાં ભડકો થયો છે અને તેને કારણે રાજકોટ કોંગ્રેસમાં નવા સમીકરણો સર્જાય તેવી શકયતા છે. કારણ કે શિક્ષીત એવા કોર્પોરેશન એરીયા ધરાવતા રાજકોટમાં છેલ્લા કેટલાક દિવસોથી અચાનક અમરેલીના શ્રી પરેશ ધાનાણીનું નામ વહેતુલ થયું હતુ અને અમરેલીમાં બે માસ પહેલા ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી ચુકેલ શ્રી પરેશ ધાનાણીને પાર્ટી દ્વારા દબાણ કરાઈ રહયું હોય રાજકોટમાં કોંગ્રેસના સુત્રો તેલ અને તેલની ધાર જોઈ રહયા છે.

### લોકસભા ચુંટણી ૨૦૨૪ અંતર્ગત

## અમરેલી જિલ્લામાં લોકસભાની ચુંટણી માટે વિવિધ જાહેરનામાઓ અમલમાં

### ચુંટણી પ્રચાર વાહનોનું રજીસ્ટ્રેશન, ભેગા થવા ઉપર પ્રતિબંધ, પ્રતિબંધાત્મક કૃત્યો કરવા નહી, ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ સહિતના જાહેરનામાઓ બહાર પાડયા

અમરેલી,
આગામી લોકસભા ચુંટણી અનુલક્ષીને જિલ્લા કલેકટર ને ચુંટણી અધિકારી દ્વારા જુદા જુદા જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે તે મુજબ કોઈપણ રાજકીય પક્ષો કે બિનરાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો લોકસભાના ચૂંટણી ઉમેદવારે તેમના વાહનો વિધાનસભા મતદાર વિભાગ પાસે રજિસ્ટર કરાવી પરમીટ લેવાની રહેશે.

જિલ્લા ચુંટણી અધિકારી તરફથી ચૂંટણી ફરજ માટેના અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટની સત્તાઓ સોંપવામાં આવી છે.

મતગણતરી મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

હોળીના તહેવાર દરમિયાન પ્રતિબંધાત્મક કૃત્યો કરવા નહિ લોકસભા ચુંટણી અનુલક્ષીને કાયદો વ્યવસ્થા જાળવવા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે.

બાબરાના વાંકીયા ગામે તા.૩૧ માર્ચ સુધી ફાયરિંગ પ્રેકટીસ હોય ફાયરીંગ બટનાં ૧૦૦ મીટર વિસ્તારમાં અવર જવર ન કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે.

## અમરેલી જિલ્લાનાં રસ્તા, જાહેર સ્થળો ઉપર રૂલીંગ પાર્ટીનાં સાઇન બોર્ડ અને ધજા પતાકા દુર કરવા માંગ

### અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતની રજુઆત

અમરેલી, અમરેલી જિલ્લાનાં મોટા ભાગનાં રસ્તાઓ ઉપર તેમજ જાહેર સ્થળો ઉપર રૂલીંગ પાર્ટીનાં સાઈન બોર્ડ તેમજ ધજા પતાકા દુર કરવા જિલ્લા ચુંટણી અધિકારીને પત્ર પાઠવી અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે રજુઆત કરી જણાવ્યું છે કે, ચુંટણી જાહેર થઈ ચુકી છે ત્યારે રાજકીય પક્ષોનાં ધજા, પતાકા, સાઈન બોર્ડ તથા નિશાનવાળા થેલીઓની વેંચાણ પ્રક્રિયા સતત ચાલુ હોય આ અંગે વિરજીભાઈ ઠુંમરે પણ ટેલીફોનીક તથા એસએમ એસ ભી ધ્યાન દોરેલું છે. તંત્ર કેમ બેધ્યાન છે? ચુંટણી પ્રક્રિયા શરૂ થાય એટલે તંત્રએ કડક કાર્યવાહી કરવી જોઈએ. તાત્કાલીક અસરથી પગલા લેવા કડક સુચના આપવા તેમજ દિવસ ૩ માં આવી કચાસ રહેશે તો ફરીથી ધ્યાન દોરશું અને સ્થાનિક અધિકારીની ફરજ મોકુફી અથવા તાત્કાલીક અસરથી બદલી કરવા કાર્યવાહીની માંગણી કરીશું. પોલીસ દ્વારા જુગારમાં પકડાયેલા હોય તો તેમના જામીન લેવામાં આવે છે પરંતુ તેમા પણ વ્હાલા દવલાની નિતીઓ ચાલતી હોય તમામની નિતીઓ એક જ રાખવામાં આવે તેમ રજુઆતમાં શ્રી પ્રતાપ દુધાતે જણાવ્યું છે.

### સનેડા અને લાતી માટે વિખ્યાત એવા

## ચિતલના આગેવાનોની મુલાકાતે અવધ ટાઇમ્સ

### આસપાસના બાર ગામોના હટાણાના કેન્દ્ર ચિતલમાં વેપાર ધંધા વિકસી રહયા છે



ચિતલ, (હરેશ ધંધુકીયા)
સનેડા અને લાતી માટે વિખ્યાત એવા ચિતલના આગેવાનોની મુલાકાતે અવધ ટાઈમ્સની ટીમ આવી હતી ચિતલના આગેવાન એવા શ્રી મનસુખભાઈ નાડોદા, શ્રી રાજુભાઈ સોની, શ્રી વિપુલભાઈ જોષીએ જણાવેલ કે, આસપાસના બાર ગામોના હટાણાના કેન્દ્ર ચિતલમાં વેપાર ધંધા વિકસી રહયા છે. ઐતિહાસિક રીતે મહત્વના એવા ચિતલમાં સૌ સંપ અને સહકારથી પ્રગતિ કરી રહયા છે.

## સુરતમાં અમરેલી જિલ્લાના વતની શ્રી નિલેશ કુંભાણીને ચુંટણીનાં મેદાનમાં ઉતારતી કોંગ્રેસ

### રાજુલાના સમુહખેતીના વતની અને સુરતના અગ્રણી શ્રી નિલેશ કુંભાણીની પસંદગીથી આનંદ



બબ(દિપક કનૈયા) લોકસભા ચુંટણી ૨૦૨૪ માટે પ્રદેશ કોંગ્રેસ દ્વારા ઉમેદવારોનાં નામની યાદી જાહેર કરવામાં આવી છે તે પ્રથમ રાઉન્ડમાં મુળ અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકામાં આવેલા સમુહખેતી ગામના વતની અને સુરતના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી નિલેશ કુંભાણીની પસંદગી કરવામાં આવી છે. લોકસભા ચુંટણીમાં શ્રી કુંભાણીને કોંગ્રેસે મેદાનમાં ઉતાર્યા છે તેથી સુરત અને અમરેલી વિસ્તારના લોકોમાં આનંદ છવાયો છે.

## જીલ્લા કોંગ્રેસના પુર્વ ઉપપ્રમુખ અને સુરત સ્થિત દામનગરનાં અગ્રણી શ્રી હુનાણી ભાજપમાં જોડાયા



દામનગર, (વિનોદ જયપાલ) દામનગર ગુજરાત કોંગ્રેસ માંથી એક પછી એક આગેવાનો ભાજપ માં જોડાઈ રહ્યા છે ત્યારે આજે અમરેલી જિલ્લા કોંગ્રેસના પુર્વ ઉપપ્રમુખ, ૨ૅભભ સેલ નાં મંત્રી, સૌરાષ્ટ્ર કોટનસીડસ મીલ એસોસિયેશન ના પુર્વ મંત્રી તેમજ દામનગર શહેર ની અનેક સંસ્થાઓમાં સંકળાયેલા સુરત સ્થિત પ્રતિષ્ઠિત વ્યાપારી રફીકભાઈ હુનાણી એ ભાજપ માં પ્રવેશ કર્યો હતો.

## દિલ્હીનાં મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ

### ઇડી સમક્ષ સતત બે કલાક પુછપરછ : રાજકીય માહોલ ગરમ

અમરેલી, દિલ્હીમાં શરાબ ઘોટાલા કેસમાં મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ થઈ છે. શ્રી કેજરીવાલની બે કલાક સતત પુછપરછ ચાલી હતી. મુખ્યમંત્રી શ્રી કેજરીવાલની ધરપકડથી રાજકીય માહોલ ગરમાયો છે.

### છેલ્લા પાનાનું - કોંગ્રેસનાં ઉમેદવાર

કર્યા છે. અમરેલી બેઠક ઉપર ભાજપમાં હજુ ઉમેદવારનું નામ જાહેર નથી કરાયું તેવા સમયે કોંગ્રેસે અમરેલી બેઠક ઉપર પોતાના ઉમેદવારની સૌ પ્રથમ જાહેરાત કરી દીધી છે અને એ સાથે જ દેશમાં લોકસભામાં એક જ બેઠક ઉપર માતા-પિતા અને પુત્રી લડયા હોય તેવો પ્રથમ બનાવ નોંધાયો છે. ૨૦૦૪માં શ્રી વિરજીભાઈ ઠુમ્મર લોકસભા જીત્યા હતા અને ૨૦૦૯ની ચૂંટણીમાં શ્રીમતી નિલાબહેન વિરજીભાઈ ઠુમ્મર ચૂંટણી લડયા હતા હવે ૨૦૨૪માં આ બન્ને ઉમદવારના પુત્રી અને પોતાની આગવી ઓળખ ઉભી કરવામાં સફળ રહેલ યુવાન આગેવાન અને ગુજરાત કોંગ્રેસની મહીલા પાંખના પ્રમુખ શ્રી જેનીબહેન ઠુમ્મર કોંગ્રેસના ઉમેદવાર બન્યા છે.


ૐ એસ્ટેટ બ્રોકર
પેટ્રોલ પંપ લે - વેચ માટે મળો
દરેક કંપનીના પંપ વેચાવ છે
મકાન વેચાવ છે : માણેકપરામાં - લીલીયા રોડ મણીબા પાર્કમાં મકાન. સુખનાથપરામાં - કેરીયા રોડ - હનુમાનપરામાં - લાઠી રોડ બ્રાહ્મણ સોસાયટીમાં, ચિતલ રોડે અમરેલી સીટીમાં કોઇપણ જગ્યાએ મકાન લે - વેચ માટે મળો.
આજુબાજુમાં રોડ ટચ જમીન લે - વેચ માટે મળો
મો.૯૪૨૭૨ ૩૦૫૬૫, ૬૩૫૪૫ ૮૩૧૦૦

MUTUAL FUND SIP
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

શ્રી કષ્ટભંજનદેવ ધૂન મંડળ
મરણ, વાસ્તુ, કથા, પુણ્યતિથિ, શ્રાદ્ધ, જન્મદિવસ કે અન્ય કોઈપણ મોજ ની ધૂન વિનામૂલ્યે કરવા માં આવશે.
ખાસ નોંધ:- ધૂન માં જે પૈસા આવે તે સેવા માટે વાપરવા આવશે.
contact :- 9428807798/ 9427104201

શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ
ધુળેટીની મજા અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

સ્પેશિયલ મંદિર માટે
આરતી, ઝાલર, મોરના અવાજની સાઉન્ડ સિસ્ટમ, તમારી પસંદ મુજબ બનાવી આપીશું. તેમજ કોઇપણ મંત્ર જાપની કીટ બનાવી આપીશું
સ્વામિ ઇલેક્ટ્રોનિક મો.૯૮૯૮૨ ૪૮૭૮૯
સ્ટેશન રોડ, પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે, ICICI બેંકની બાજુમાં પટેલ ટાયરની પાસે, અમરેલી

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

ૐ એસ્ટેટ બ્રોકર
પેટ્રોલ પંપ લે - વેચ માટે મળો
દરેક કંપનીના પંપ વેચાવ છે
મકાન વેચાવ છે : ચક્કરગઢ રોડ, રામવાડીમાં મકાન ગંગાનગર - અમૃતનગર - આનંદનગર શેરી નં.૩ થી ૯ નંબર મકાન વેચાવ છે. ક્રિષ્ના પાર્કમાં, પનીહારી વિહારમાં, શિક્ષક સોસાયટીમાં જુનુ મકાન અમૃતધારામાં, એન્જલ ૪ માં નવા મકાન
મો.૯૪૨૭૨ ૩૦૫૬૫, ૬૩૫૪૫ ૮૩૧૦૦

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

મોકાનું મકાન વેચવાનું છે
ચક્કરગઢ રોડ, રામવાડી-૪, લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ નજીકમાં દોઢ વસા જમીનમાં કોર્નરનું, બંને બાજુ ૨૦ ફુટ પેવર રોડ પાણીના દારની સુવિધા, ફુલ ફર્નિશવાળુ મકાન માલીકને બહાર જવાનું હોવાથી તાત્કાલીક વેચવાનું છે ફોરવ્હીલ પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક સમય : રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦
સંપર્ક : મો.૯૪૨૯૨ ૨૨૦૧૮

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૨-૦૩-૨૦૨૪ શુક્રવાર

# ઓનલાઈન મીઠાં સંબંધોના ચક્રવ્યૂહમાં અનેક નિર્દોષ યુવતીઓ બહુ આસાનીથી ફસાય છે..!

માણસ જાત એક નવા વળાંકે પહોંચી છે જેની એને ખબર પડતાં પણ થોડા વરસો જશે. પાષાણયુગ બહુ મહત્વનો હતો. એક પથ્થર હાથમાં આવી જવાથી આદિ માનવે બહુગામી બૌદ્ધિક અને ભૌગોલિક વિકાસ કર્યો. એ કહાની લાખો વરસો પહેલાની છે. હજુ ઘણા દેશોની પ્રજાના હાથમાં એ પથ્થર છે. પથ્થર હાથથી વિખૂટો ન પડે ત્યાં સુધી ધર્મ અને સંસ્કૃતિનો કોઈ અર્થ નથી. યાત્રામાં કંઈ કંઈ વસ્તુઓ હાથે ચડતી રહી છે. સફર હજુ ચાલુ છે. તેમાં કોઈ શંકા નથી કે આધુનિક ટેક્નોલોજીના વિસ્તરતા અવકાશ સાથે સુવિધાઓ ઝડપથી વિસ્તરી છે. ઘણા કામો ખૂબ જ સરળ બની ગયા છે, જે કરતા પહેલા ઘણો સમય અને વિચાર કરવામાં આવતો હતો.

પરંતુ સામાન્ય જીવનમાં તેની વધુ પડતી ઘૂસણખોરીએ લોકોને એવા સ્તરે અસર કરવાનું શરૂ કર્યું છે કે ઘણા લોકો પોતાને સંચાલિત કરવાના પડકારનો સામનો કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે, ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મને કોઈના સંપર્કોને વિસ્તૃત કરવા માટેનું માધ્યમ માને છે. ઓટીટી પ્લેટફોર્મ પર અપશબ્દોની વણઝાર છે જેના પર સરકારનો કોઈ અંકુશ નથી. જેને પરોક્ષ સંમતિ કહેવાય. વર્ચ્યુઅલ વર્લ્ડમાં પણ આંધળા વિશ્વાસને કારણે જોખમો વધે છે

પરિણામે, ઘણા લોકો ગંભીર મુસીબતમાં ફસાઈ જાય છે જેઓ કોઈપણ જાતની તપાસ કે શંકા વિના વર્ચ્યુઅલ દુનિયાના વર્તનને સાચા ભાવનાત્મક જીવનરૂપે સ્વીકારે છે અને અજાણ્યાઓ પર વિશ્વાસ કરે છે તેઓ એક મિસ્ટરી બને છે. છેલ્લા કેટલાક સમયથી આવી અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે જેમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર યુવક અને યુવતી વચ્ચે કથિત રીતે મિત્રતા થઈ અને થોડા સમય પછી યુવતી સાથે છેતરપિંડી અને ગુનાહિત ઘટનાઓ બની.

વર્ચ્યુઅલ દુનિયામાં મિત્રતાનું આ એક એવું સ્વરૂપ છે કે જે લોકો તેની જટિલતાને સમજી શકતા નથી તેઓ તેના નેટવર્કમાં ફસાઈ જાય છે અને ક્યારેક તો ઘોર અપરાધોનો પણ શિકાર બને છે. ગયા શુક્રવારે, દિલ્હીમાં પોલીસે સોશિયલ મીડિયા પર એક છોકરીને મિત્રતાનું વચન આપનારા બે યુવકોની ધરપકડ કરી, તેણીને મદનગીર વિસ્તારમાં બોલાવી, કપટથી તેના ખોરાકમાં કંઈક ભેળવી દીધું, અને પછી તેણીને બેભાન કર્યા પછી તેના પર બળાત્કાર કર્યો.

આવી ઘટનાઓ ખૂબ જ દુ:ખદ છે, પરંતુ તે આપણને કહે છે કે સોશિયલ મીડિયા પર મિત્રતાનો વ્યાપ કેટલો હોવો જોઈએ, લોકો પર કેટલો વિશ્વાસ કરવો જોઈએ, શું સાવચેતી રાખવી જોઈએ અને ખરેખર સંબંધોની મર્યાદા શું હોવી જોઈએ. સાયબર જગતમાં પૈસા અને અન્ય સ્તરે બનતી છેતરપિંડી અને એવા બનાવોને જોતા ગુનાનું સ્વરૂપ પણ ઝડપથી વિકૃત થઈ રહ્યું છે.

આ અંગે સાવધાન રહેવાની સાથે સાથે તમામ લોકો માટે જાગૃતિ રાખવી જરૂરી છે. ઘરે, બાળકોને સોશિયલ મીડિયા પર મિત્રો બનાવવાની વાત આવે ત્યારે સાવચેત રહેવાની તાલીમ આપવી જોઈએ. કોઈના પર વિશ્વાસ રાખવો એ હવે જોખમોથી મુક્ત નથી. એવો વિશ્વાસ એ સંકટને નિમંત્રણ છે.

આજે એક તરફ મહિલાઓ સફળતાના નવા સોપાનો સર્જી રહી છે તો બીજી તરફ અનેક મહિલાઓ જઘન્ય હિંસા અને અપરાધનો શિકાર બની રહી છે. તેઓને મારવામાં આવે છે, તેઓનું અપહરણ કરવામાં આવે છે, તેઓ પર બળાત્કાર થાય છે, તેમને સળગાવી દેવામાં આવે છે અથવા હત્યા કરવામાં આવે છે. પરંતુ શું આપણે ક્યારેય વિચારીએ છીએ કે હિંસાનો સામનો કરતી મહિલાઓ કોણ છે અથવા તેમની સામે હિંસા કરનાર લોકો કોણ છે? હિંસાનું મૂળ કારણ શું છે અને તેને કેવી રીતે સમાપ્ત કરવું?

દેખીતી રીતે, આપણામાંના મોટાભાગના આ પ્રશ્નોને ક્યારેય ધ્યાનમાં લેતા નથી. ઊલટું, આપણે જ્યારે પણ કોઈ સ્ત્રી પરની હિંસાનાં સમાચાર જોઈએ છીએ કે સાંભળીએ છીએ, ત્યારે તે હિંસા સામે અવાજ ઉઠાવવાને બદલે આપણે આપણા ઘરની સ્ત્રીઓ, બહેનો અને દીકરીઓ પર વિવિધ પ્રકારના પ્રતિબંધો લાદીએ છીએ, જે પોતે જ એક પ્રકારની હિંસા છે.

ઘરેલું હિંસા એ સંસ્કારી સમાજનું કડવું સત્ય છે. ભારતમાં, વર્ષ ૨૦૨૧ માં ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ માત્ર ૫૦૭ કેસ નોંધાયા હતા, જે મહિલાઓ સામેના ગુનાઓના કુલ કેસના ૦.૧ ટકા છે. જ્યારે વાસ્તવમાં આ સંખ્યા અનેક ગણી વધારે છે. જેમાં મહિલાઓને જાતીય, શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવે છે. મોટાભાગના કિસ્સાઓમાં, ઘરેલું હિંસા પતિ અથવા પુત્રવધૂ દ્વારા સાસરિયાઓ દ્વારા પત્નીની શારીરિક અને માનસિક ઉત્પીડનના સ્વરૂપમાં જોવા મળે છે અને સ્ત્રીઓ તેને પોતાનું ભાગ્ય સમજીને સહન કરતી રહે છે.

આ હિંસા સહન કરવાનું એક કારણ એ પણ છે કે આપણા ભારતીય સમાજમાં લગ્ન પહેલાં જ કન્યાના મનમાં એ વાત ઠસાવવામાં આવે છે કે એકવાર તેના પિતાના ઘરેથી વળાવ્યા પછી તેના પતિના ઘરે જ સ્મશાનયાત્રા નીકળવી જોઈએ. એટલે કે લગ્ન પછી, યુવતી તેના પિતાના ઘરે પરત ફરી શકતી નથી અને ત્યાં રહી શકતી નથી, પછી ભલેને તેના સાસરિયાઓ તેને ગમે તેટલી હેરાન કરે. જેના કારણે મોટાભાગની મહિલાઓ કોઈને ફરિયાદ કર્યા વગર શાંતિથી હિંસા સહન કરતી રહે છે

## જિલ્લામાં કમોતના વધતા જતાં ચિંતાજનક બનાવો

# કોવાયામાં કુવામાં પડી જતાં, કુંડલા અને કોલડામાં ઝેરી દવા પી જતા-અમરેલીમાં ગળાફાંસાથી મોત

### જુદા જુદા ચારેય બનાવોમાં કમોતથી ચારેયના મોત થતાં પોલીસમાં જાહેર કરાયું : સાવરકુંડલા મરીન પીપાવાવ, વડિયા તેમજ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર થતાં કરાયેલી કાર્યવાહી

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં કમોતના બનાવની જાણે વણઝાર ચાલી રહી હોય તેમ જુદા જુદા કારણોસર કોવાયામાં યુવાનનું કુવામાં પડી જતાં, સાવરકુંડલામાં વૃધ્ધનું ઝેરી દવા પીજતા, અમરેલીમાં પ્રૌઢનું ગળાફાંસો ખાઈ જતા તેમજ કોલડામાં યુવાનનું ઝેરી દવા પી જતાં મોત નિપજયું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર રાજુલા તાલુકાના કોવાયા માયન્સ કોલોનીમાં રહેતા મુળ મહુવા તાલુકાના રાણીવાડા ગામના મિલન મુકેશભાઈ ચૌહાણ ઉ.વ.૧૮ એકાદ વર્ષથી માનસિક બિમાર હોય તેની દવા ચાલુ હોય તે પોતાના મેળે ઘરેથી નિકળી તેના ઘરથી આશરે દોઢેક કિમી દુર આવેલ પાણીના કુવામાં પોતાની મેળે પડી જતાં પાણીમાં ડુબી જવાથી મૃત્યુ નિપજયાનું મુકેશભાઈ ધુડાભાઈ ચૌહાણે મરીન પીપાવાવ પોલીસ જાહેર કરેલ છે. બીજા બનાવમાં સાવરકુંડલા શિવાજીનગર પટેલ વાડી પાસે રહેતા કરશનભાઈ ગોપાભાઈ કળથીયા ઉ.વ.૬૧ પોતાના ઘરે ઉપરના માળે રૂમમાં બપોરના સમયે સુતા હોય તે દરમિયાન પોતે પોતાની મેળે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું દિનેશભાઈ કરશનભાઈ કળથીયાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે ત્રીજા બનાવમાં અમરેલીના લાઠી રોડ ઉપર યોગીનગરમાં રહેતા પિયુષભાઈ હસમુખભાઈ દેવમુરારી ઉ.વ.૩૯ને છેલ્લા અઠવાડિયાથી અવારનવાર ખરાબ વિચારો આવતા હોય જેથી તા.૨૦-૩ના સવારે ૯-૧૫ કલાકે પોતે પોતાની ઘરે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું મનિષભાઈ હસમુખભાઈ દેવમુરારીએ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. ચોથા બનાવમાં કોલડા ગામે જગદીશ ઉર્ફે સાહિલ મનસુખભાઈ મકવાણા ઉ.વ.૨૦ કાંઈ કામ ધંધો કરતો ન હોય અને દારૂ પીવાની ટેવ વાળો હોય અને મોજ શોખ કર્યા કરતો હોય પોતે જીંદગીથી કંટાળી જઈ ઝેરી દવા પી જતાં સારવાર દરમિયન મોત નિપજયાનું રાજુભાઈ મનસુખભાઈ મકવાણાએ વડિયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# ખાંભાના ધુંધવાણા ગામ નજીક બાઇકને ટ્રકે હડફેટે લેતા ઇજા

### બાઇક સાથે અથડાવી પગમાં ફેકચર કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

ખાંભા તાલુકાના કંટાળા ગામે રહેતા ભુપતભાઈ જીવાભાઈ સરવૈયા ઉ.વ.૬૩નો ભત્રીજો અવિરાજ રવજીભાઈ સરવૈયા તેના બનવી વિશાલભાઈની બાઈક જી જે ૩૨ ૮ ૧૯૪૭ લઈને તેમના ગામથી મૌલી તરફ જતાં હતાં. તે દરમિયાન ધુંધાવાણા ગામ પાસે પહોંચતા ટ્રક જી જે ૦૧ બીટી ૮૫૯૫ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક પાછળ ભટકાવી અવિરાજભાઈને જમણા પગે ફેકચર કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી નાસી ગયાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં બે સ્થળે જુગારના દરોડા

### ૧૧ શખ્સોને રોકડ રૂા. ૧૩,૮૭૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી કેરિયા રોડ ફાટક પાસે ઝુપડ પટ્ટીમાં હાર જીતનો જુગાર રમતા કનુ શંકર દેલવાડીયા, મુકેશ વનાભાઈ રાફુસા, સંજય શંકરલાલ દેલવાડીયા, સાગર અમરતભાઈ દેલવાડીયા, પંકજ ચંદુભાઈ કુવરીયા, અર્જુન ચંદુભાઈ કુવરીયા, સંજય લાલજીભાઈ વાઘેલાને પો.કોન્સ. વનરાજભાઈ માંજરીયાએ રોકડ રૂા. ૧૦,૬૩૦ના મુદામાલ સાથે તેમજ લાઠી લુવારીયા દરવાજા બહાર ખોડિયાર નગર સામે આવેલ ખુલ્લા પ્લોટમાં બતીના અજવાળે જુગાર રમતા સતિષ છગનભાઈ સોલંકી, મુકેશ વેલજીભાઈ સાપરા, રાજુ વિનુભાઈ ગાંગડીયા, ભાવેશ વિનુભાઈ સોલંકીને હે. કોન્સ. હસમુખભાઈ ખુમાણે રોકડ રૂા. ૩૨૪૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# જિલ્લામાં જુદા જુદા ૨૨ સ્થળે વાહનચાલક સહિત ૨૨ નશાખોરોને પોલીસે ઝડપી લીધા

### જિલ્લામાં ૧૯ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડી ૪ મહિલા સહિત ૧૩ શખ્સોને ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

આગામી લોકસભાની ચૂંટણીઓ નજીક હોય જિલ્લા કલેકટરશ્રી દ્વારા બહાર પડાયેલા જાહેરનામા મુજબ જિલ્લા પોલીસ વડા હિંમકરસિંહ દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે દારૂ જુગારની પ્રવૃતિઓ ઉપર રોક લાગવવા અપાયેલ સુચના અને માર્ગદર્શન અનુસાર અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા અમરેલી, જાફરાબાદ, મરીનપીપાવાવ, નાગેશ્રી, ધારી, બાબરા, સાવરકુંડલા શહેર અને રૂરલ, અમરેલી શહેરમાં નશો કરેલી હાલતમાં એક વાહન ચાલક સહિત ૨૨ નશામાં ધુત બનેલાઓને જુદાજુદા સ્થળોએ ઝડપી લઈ સરભરા કરી જેલની હવા ખવડાવી હતી. જયારે જિલ્લામાં દામનગર, ચલાલા, વડિયા, જાફરાબાદ શેહર, લીલીયા, વંડા, ધારી, બાબરા, અમરેલી રૂરલ, લાઠી, જાફરાબાદ મરીન, સાવરકુંડલા શહેર અને રૂરલ, રાજુલા સહિત જુદા જુદા સ્થળોએ કુલ ૧૯ જગ્યાએ દેશી દારૂના દરોડાઓ પાડી પોલીસે ૪ મહિલાઓ સહિત ૧૩ શખ્સોને મુદામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

## ડેડાણમાં પરિણીતાને ત્રાસ અપાયો

અમરેલી, ખાંભા તાલુકાના ડેડાણ હાલ પિયર બાબરા રહેતી સુમયાબેન ફિરોજભાઈ ખુમાર ઉ.વ.૨૫ને અવાર નવાર પતિ ફીરોજ ગાળો બોલી ઢીકાપાટુ વડે મારમારી રાબુબેન ઘુઘાભાઈ ખુમાર સંતાનપ્રાપ્તી અંગે મેણામારી ચડામણી કરી રસીદાબેન ફારૂકભાઈ ખુમારે મુંઢ મારમારી ત્રાસ આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી સિવીલના મહિલા વોર્ડમાં દર્દીઓને રીએક્શનની ફરિયાદ

### અચાનક ઠંડી લાગતા ટ્રોમામાં ખસેડાયા : મેનેજમેન્ટ દ્વારા તાકિદના પગલા



અમરેલી, અમરેલી સિવીલમાં રાત્રે ૧૫ નંબરના મહિલા વોર્ડમાં દર્દીઓને રીએક્શનની ફરિયાદ આવતા મેનેજમેન્ટ દ્વારા તાકિદના પગલા લેવાયા છે. મહિલા વોર્ડમાં રીએક્શન જેવા કારણે અચાનક ઠંડી લાગતા દર્દીઓને તુરંત સારવાર માટે ટ્રોમામાં ખસેડાયા હોવાનું મેનેજમેન્ટ દ્વારા જણાવાયુ છે અને છેલ્લે બહાર આવેલી વિગત અનુસાર વધારે દર્દીઓને ઠંડી અને શ્વાસની તકલીફ સાથે ટ્રોમામાં ખસેડાતા ભીડ જામી છે અને સીટીપીઆઈશ્રી વાઘેલા સ્થળ પર દોડી ગયા છે.

# અમરેલી જિલ્લામાં બે સ્થળોએ ૭ બોટલ ઇંગ્લીશ દારૂ સાથે બે શખ્સોને ઝડપાયા

### પોલીસે દરોડા પાડી રૂપિયા ૩૧૬૦નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા બે સ્થળોએ સાત બોટલ ઈંગ્લીસ દારૂ રૂા.૩૧૬૦ના મુદામાલ સાથે બે શખ્સોને ઝડપી પાડયા હતાં. જેમાં ખાંભા તાલુકાના કંટાળા ગામ અશોક બચુભાઈ રાઠોડને એક બોટલ ઈંગ્લીશ દારૂ રૂા.૨૦૦ના મુદામાલ સાથે પો.કોન્સ. રાજુભાઈ બોદરે ઝડપી પાડયો હતો. ધારી પ્રેમપરા મેલડી માતાના મંદિર પાસે ચિરાગ નાગજીભાઈ બારૈયાને જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૬ બોટલ રૂા.૨૯૬૦ના મુદામાલ સાથે પો.કોન્સ. રામકુભાઈ કહોરે ઝડપી પાડયો હતો.

# જુનાગઢ બી ડિવિઝનના પ્રોહીના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયો



જુનાગઢ, (હિતેશ પારેખ)

જુનાગઢ રેન્જના નાયબ પોલિસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયાની સુચનાથી જીલ્લા પોલિસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ.જે.જે. પટેલ, પી.એસ.આઈ. ડી.કે.ઝાલા અને સ્ટાફે છેલ્લા અઢી વર્ષની બી ડિવિઝન પોલિસ મથકના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપી રામા ઉર્ફે, ભુરો દેવરાજભાઈ મોરી, રહે. ધરમ અવેડા પાસે ગાંધીગ્રામ જુનાગઢવાળાને ચોકકસ બાતમી આધારે ઝડપી લઈ બી ડિવિઝિન પોલિસ મથકમાં ગુનાના સામે અટકાયતની કાર્યવાહી કરવા સોંપી આપેલ છે.



## ગ્રહોની ચાલ




રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૨૨.૩.૨૦૨૪ શુક્રવાર, સંવંત ૨૦૮૦ ફાગણ સુદ તેરસ, મઘા નક્ષત્ર, ધ્રુતિ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

# કાળની ગર્તામાં જાણે વસંત તુ ખોવાઈ ચુકી છે!

૨૪ માર્ચ રવિવારે હોલિકા દહન અને ૨૫ માર્ચ સોમવારે રંગોત્સવ ધુળેટી સાથે છાયા ચંદ્ર ગ્રહણ આવી રહ્યું છે જે ભારતમાં દેખાવાનું નથી તેથી પાળવાનું રહેશે નહિ પરંતુ તેની દૂરગામી અસર વૈશ્વિક રીતે જોવા મળશે અને અગાઉ લખ્યા મુજબ રાજનીતિથી લઈને અનેક ક્ષેત્રમાં મોટા ઉલટફેર જોવા મળી રહ્યા છે! હાલ વસંત તુ ચાલી રહી છે પરંતુ ગોચર ગ્રહો અને કાળચક્રની દશામાં જાણે વસંત તુ ખોવાઈ ગઈ છે તો બીજી તરફ ગોચરમાં વસંતના કારક શુક્ર સાથે શનિ મંગળ વિરાજમાન છે જે શુક્રના પ્રણયને શુક્રની લાગણીને આહત કરી રહ્યા છે અને માનો કે વસંત તુ જાણે ખોવાઈ ગઈ છે!! આ સમયમાં ટોચના કલાકારોને ક્ષતિ ભોગવવાની આવે કે તેમને ગુમાવવાનો સમય આવે.શનિ મંગળ



યુતિ લૂ અને ગરમીમાં વૃદ્ધિ કરી રહ્યા છે. લગભગ સમાન દિવસ રાતની વ્યાખ્યા વચ્ચે માણસ બે છેડા ભેગા કરવામાં મશગુલ છે અને અંતઃકરણનો અવાજ સાંભળવો મુશ્કેલ બની રહ્યો છે, બ્રહ્માંડનો કોઈ અનાહત નાદ ઉપર ઉપર થી વહી રહ્યો છે અને એક લાગણીમય સ્પર્શ લુપ્ત થઈ ચુક્યો છે તો યંત્રવત જીવન બધું સ્વીકારી આ દોડમાં ક્વચિત જોડાઈ રહ્યો છે એક રહસ્યમય સ્પર્ધામાં જોડાઈ ચુકેલી માનવજાત ક્યાંય પોરો ખાઈ પોતાના વિષે વિચારી શકે એ સમય ખોવાઈ ચુક્યો છે!! લાગણીના સબંધો જાણે કોઈ મૂર્ખતા હોય એવા ભાસે છે! કાળની જનની માં કાલી અલગ અલગ સ્વરૂપે અલગ અલગ સમય ખંડ પર આધિપત્ય ધરાવે છે આ સમયમાં પણ ધીમે ધીમે પસાર થશે પરંતુ મંગળ શનિ યુતિ કેટલીક કસોટી અવશ્ય કરશે જેના આપણે સૌ સાક્ષી બની રહ્યા છીએ!

મેષ (અ,લ,ઈ) : આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય ,સંતાન અંગે સારું રહે,પરિવાર માં આનંદ રહે ,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય ,દિવસ પ્રગતિકારક રહે.
મિથુન (ક,છ,ઘ) : તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો,શુભ દિન,લાભ થાય.
કર્ક (ડ,હ) : બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો,મનોમંથન કરી શકો.
સિંહ (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે,લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : લોન વિગેરે બાબતમાં સાંભળવું , ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
તુલા (ર,ત) : જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો .
મકર (ખ,જ) : કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો,વિવાદ નિવારી શકો,મધ્યમ દિવસ રહે .
કુંભ (ગ ,સ,શ) :આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો. વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): આપણા ગણીને ચાલતા હોઈએ તે બધા આપણા નથી હોતા! , હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું ,મધ્યમ દિવસ.

# જુનાગઢના પ્રોહીના ગુનામા નાસતા ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કોડે ઝડપી પાડયો



જુનાગઢ, (હિતેશ પારેખ) જુનાગઢ રેન્જના નાયબ પોલિસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયાની સુચનાથી જીલ્લા પોલિસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ.જે.જે. પટેલ, પેરોલ ફર્લો સ્કોડના પી.એસ.આઈ. વાય.પી. હડીયા અને પોલિસ સ્ટાફે હયુમન અને ટેકનીકલ સોર્સના માધ્યમથી તાલુકા પોલિસ મથકના પ્રોહીના ગુનામાં નાસતા ફરતા આરોપી સંજય મોહનભાઈ સરવૈયા રહે. રાજકોટવાળાને તેમના રહેણાંક મકાનેથી ઝડપી લઈ જુનાગઢ તાલુકા પોલિસને આગળની કાર્યવાહી માટે સોંપી આપેલ છે.

# જુનાગઢમાં ચોબારી રોડ પાસે બાઈક ચોરીના ગુનામા મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડયો



જુનાગઢ, (હિતેશ પારેખ) જુનાગઢ રેન્જના નાયબ પોલિસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયાની સુચનાથી જીલ્લા પોલિસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ.જે.જે. પટેલ , પી.એસ.આઈ. ડી.કે.ઝાલા અને સ્ટાફે જુનાગઢ ચોબારી રોડ પાસેથી બાઈક ચોરીના ગુનામા હોન્ડા સીડી ડિલકસ રૂ/. ૨૦ હજારની કિંમતના મુદામાલ સાથે વંથલી તાલુકાના કોયલી ગામના દિલિપ હીરાભાઈ પરમારે ઝડપી પાડયો હતો.

# દામનગર ગ્રામ્યલક્ષ્મી મંડળી દ્વારા ચેક અપાયો



લીલીયા, (મહેશ દવે)

લીલીયા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી દામનગર શાખામાં સંસ્થાના સભાસદ રજનીકાંત રતીલાલ રાઠોડનું તાજેતરમાં અવસાન થતા તેમના વારસદાર પત્નિ જયાતિબેન રજનીકાંત રાઠોડને ચેરમેન હિતેશભાઈ જે. કારીયા, વાઈસ ચેરમેન હરેશભાઈ એન. સેજપાલ, એમ.ડી. દિનેશભાઈ એચ. ભટ , ડિરેકટર વાલજીભાઈ માંડણકા, જયેશભાઈ એન. મહેતા, દામનગરના વેપારી અગ્રણી દેવેન્દ્રભાઈ જુઠાણીની ઉપસ્થિતિમાં સભાસદ મૃત્યું સહાય રૂ/. ૫૦ હજારનો ચેક વારસદારને અપાયો હતો.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૦૫ થી ૧૫૭૧ મગફળી ૮૦૦ થી ૧૩૧૬

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૬૪-૧૨૨૯
શિંગમોટી-૮૦૦-૧૩૧૬
ધાણી-૧૨૯૦-૨૩૫૦
તલસફેદ-૧૩૨૦-૨૭૫૦
તલકાળા-૨૨૦૦-૨૮૭૦
એરંડા-૧૦૪૫-૧૧૨૨
ઘઉંટુકડા-૪૦૦-૬૬૧
ઘઉંલોકવન-૪૨૮-૫૩૩
મરચાલાંબા-૭૩૦-૪૦૦૦
ચણા-૯૦૦-૧૧૧૬
કપાસ-૧૦૦૫-૧૫૭૧
રાચ-૯૦૦-૧૨૧૫
જીરૂ-૩૮૦૦-૪૯૦૦
ધાણા-૧૨૫૦-૧૯૯૦
સોયાબીન-૬૦૦-૮૫૦
તુવેર-૧૦૦૮-૨૦૬૦
રાયડો-૬૩૦-૮૭૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૮૦-૩૪૦
રીંગણા-૨૫૦-૪૦૦
ફલાવર-૨૦૦-૩૬૦
કોબીઝ-૨૦૦-૨૪૦
ટમેટાં-૧૪૦-૩૬૦
વટાણા-૧૦૨૦-૧૧૦૦
ગાજર-૨૦૦-૩૪૦
ગલકા-૪૦૦-૬૦૦
કાકડી-૩૨૦-૪૦૦
ગુવાર-૬૦૦-૧૪૦૦
દુધી-૨૦૦-૩૨૦
તુરીયા-૬૪૦-૯૦૦
ભીડો-૭૦૦-૮૦૦
આદુ-૨૧૦૦-૨૪૦૦
કોથમીર-૨૫૦-૫૦૦
મેથીભાજી-૩૪૦-૪૦૦
ટીંડોરા-૭૦૦-૯૦૦
લીમડોમીઠો-૧૧૦-૧૫૦
મરચાલીલા-૬૪૦-૧૦૦૦
લસણસુકું-૧૫૦૦-૨૫૦૦
લીંબુ-૨૦૦૦-૨૨૦૦
પાલક-૩૦૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૯૦-૫૩૬
જુવાર-૫૬૦-૯૪૦
ઘઉં-૪૨૦-૬૩૬
ધાણા-૧૬૧૭-૧૬૧૭
ચણા-૧૦૫૦-૧૧૫૦
મકાઈ-૫૩૦-૫૩૦
અજમા-૨૨૦૦-૨૨૦૦
જીરૂ-૪૦૦૦-૪૫૦૦
કપાસ-૧૦૦૦-૧૫૬૧
તુવેર-૧૮૫૦-૧૮૫૦
એરંડી-૧૦૦૦-૧૦૦૦

મહુવાયાર્ડ
ઘઉં-૪૨૬-૭૫૨
ડુંગળીલાલ-૧૦૦-૩૩૦
ડુંગળીસફદે-૧૭૭-૨૬૭
તલસફેદ-૨૧૦૧-૨૩૦૦
તુવેર-૧૪૦૦-૧૭૦૨
જીરૂ-૪૮૧૦-૪૯૭૬
ચણા-૫૦૦-૧૦૯૬
નાળીયેર-૧૭૬-૧૭૩૦
મકાઈ-૪૩૬-૪૪૬
કપાસ-૧૨૦૦-૧૪૯૪
મગ-૧૩૭૦-૧૩૭૦

બાબરા
કપાસ-૧૩૦૦-૧૫૮૮
ધાણા-૧૨૫૦-૧૭૮૦
ચણા-૧૦૬૯-૧૧૧૧
ઘઉં-૪૬૦-૫૭૦
મેથી-૧૦૪૦-૧૧૨૦
જીરૂ-૪૦૨૦-૫૦૦૦
મગફળી-૧૧૫૫-૧૨૦૫
તુવેર-૧૫૩૦-૧૭૧૦

ધારી
કપાસ-૧૧૫૧-૧૪૭૬
તુવેર-૧૭૦૦-૧૭૦૦
મગફળી-૭૬૦-૧૧૧૫
એરંડા-૧૧૦૧-૧૧૦૧
ચણા-૧૦૦૧-૧૦૭૫
ઘઉં-૪૧૯-૪૬૦
સફેદતલ-૨૪૨૦-૨૪૨૦
સોયાબીન-
ધાણા-૧૧૫૨-૧૨૯૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૯૧૦-૧૨૭૫
તલસફેદ-૨૩૦૦-૨૬૦૦
જીરૂ-૩૦૦૦-૪૯૦૦
તુવેર-૧૫૫૦-૧૮૭૫
કપાસ-૧૩૫૦-૧૫૫૧
ઘઉં-૪૨૧-૫૩૨
મેથી-૯૦૦-૧૦૮૧
ધાણા-૧૩૦૧-૧૮૨૧
ચણા-૧૦૩૦-૧૧૬૦
રાયડો-૮૬૧-૯૧૫
જુવાર-૪૨૫-૯૧૧

ખાંભા
કપાસ-૧૩૬૦-૧૫૮૦
રાય-૧૧૦૧-૧૧૨૫
ચણા-૧૦૫૬-૧૦૮૪
ઘઉં-૪૧૭-૫૦૦
બાજરો-૪૪૦-૪૪૦
જીરૂ-૩૯૫૦-૩૯૫૦
જુવારસફેદ-૭૯૨-૯૦૦
મેથી-૧૦૪૧-૧૦૯૫

બગસરા
તુવેર-૧૨૦૦-૧૮૦૧
તલસફેદ-૨૩૩૫-૨૩૩૫
ઘઉંલોકવન-૩૧૫-૪૮૦
ઘઉંટુકડા-૩૫૫-૪૭૫
સોયાબીન-૮૦૦-૮૦૦
ચણા-૮૭૨-૧૦૫૨
ધાણા-૧૨૦૦-૧૫૪૦
રાય-૮૪૫-૯૯૦
મગફળી-૧૦૦૦-૧૦૦૦
મેથી-૭૦૦-૯૦૩

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૩૦-૫૫૦
દાડમ-૪૦૦-૧૨૦૦
મુસંબી-૫૦૦-૭૦૦
સંતરા-૫૦૦-૧૦૦૦
કીવી-૩૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૨૦૦
માલટા-૫૦૦-૭૫૦
ટેટી-૩૦૦-૬૦૦
કેળા-૩૫૦-૫૦૦
પોપૈયા-૩૫૦-૪૫૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૪૦૦
અનાનસ-૯૦૦-૧૧૦૦

લીલીયા
કપાસ-૧૧૮૨-૧૫૩૬

## અમરેલી આજનુ તાપમાન

મહ ।મ તાપમાન ૩૯
ન્યુનતમ તાપમાન ૨૩.૨
ભેજનું પ્રમાણ ૩૭
પવનની ગતિ સરેરાશ-.૪.૭

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ

YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

યામાહા શોરૂમ

(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી

સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते्

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર





તા.૨૨-૦૩-૨૦૨૪ શુક્રવાર



આસ્થા સ્કીન કલીનીક

ડો. જયશ્રીબેન પટેલ Mo. 99093 18606

ઉપલબ્ધ સારવાર

ખીલ, ખીલના કાળા ડાઘ, ધાધર-ખસ-ખરજવુ, વાળ ખરવા-કસમયે વાળ સફેદ થવા માથામાં ઉંદરી-ખોડો, માથામાં ટાલ પડવી, હર્પીસ-સોરાઈસીસ-ચામડી પરના મસા, મોઢાના ચાંદા, ચહેરાની દાઝ, શીળસ, એલર્જી, ગુમડા, કરોળીયા, સફેદડાઘ, નખ પાકવા જેવા ચામડી, નખ, વાળના રોગોની સારવાર.

સંજીવની કોમ્પલેક્ષ, પહેલો માળ, IDBI બેન્ક પાસે, સ્ટેશન રોડ, અમરેલી.

સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦, સાંજે ૫-૩૦ થી ૭-૩૦



BAJAJ FINSERV

આશાપુરા ફર્નીચર

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧

૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો

દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## આંતરરાષ્ટ્રીય મોટીવેશનલ સ્પીકર પૂ. શિવાની દીદી દ્વારા

# અમરેલીમાં શાંત મન ખુશનુમા જીવન શિબીર યોજાઇ

### બ્રહ્માકુમારીઝ દ્વારા અમરેલીમાં ફોરવર્ડ સ્કૂલ કેમ્પસ ખાતે યોજાયેલી શિબીરમાં વિશાળ સંખ્યામાં લોકો ઉમટી પડયા

### પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ દ્વારા શિબીરનો ૫ હજાર ઉપરાંતની જનમેદનીએ હાજરી આપી લાભ લીધો

### પૂ. શિવાની દીદી, ગીતા દીદી, કિંજલ દીદી સહિતની ઉપસ્થિતીમાં શિબીરમાં પ્રેરક પ્રવચન અપાયું : અનેરો ધાર્મિક માહોલ સર્જાયો



અમરેલી,

અમરેલીમાં પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારાઈન્ટરનેશનલમોટીવેશનલસ્પીકર પૂ.શ્રી શિવાની દીદી દ્વારા શાંત મન ખુશનુમા જીવન વિષયે માર્ગદર્શન શિબીરફોરવર્ડસ્કુલકેમ્પસખાતેયોજાઈ હતી આ પ્રસંગે પૂ. શિવાની દીદીએ જણાવ્યુ કે આજના મોબાઈલ યુગમાં અને ભાગ દોડના જીવનમાં દરેક લોકો શાંતિ ને મેળવવા દોડ ધામ કરે છે શાંતિ મેળવવા માટે આંતર રાષ્ટ્રિય આધ્યાત્મિક વક્તા બ્ર.કુ. શિવાનીદીદી એતમામમનેશાંતિમેળવવાપ્રથમતમેકોણ છોતેસમજાવતાકહેલકેતમેજયાંતિલક કરો છો ત્યા શક્તિશાળી સિતારા છે.હું આત્મા છું. આત્મા અજર અમર અવિનાશી છે. શાંતિ તેમના સંસ્કાર છે. શાંતિ મારા સ્વભાવમાં છે.જીવનમાં ક્યારેયમુશ્કેલીઆવેતોહુંઆત્માતેમનો સામનો શાંતિ અને સ્થિરતા થી કરીશ. પરમાત્મા સુખ ક્ર્તા અને દુઃખ હર્તા છે. આ પ્રસંગે દિપ પ્રાગટય બ્ર.કુ. શિવાનીદીદી, બ્ર.કુ.ગીતાદીદી બ્ર.કુ.કિજલદીદી, શિતલ આઈસક્રીમવાળા દિનેશભાઈ ભુવા, વજુભાઈ ગોલ,કાળુભાઈ ભંડેરી ,ડો.ગજેરાસાહેબ તથા અશ્વિનભાઈ સાવલિયા કેતન ભાઈ સોની, અવધ ટાઈમ ના તંત્રીશ્રી વિજયભાઈ ચૌહાણ તથા અથાક સેવાધારીભાઈ બહેનો તથા ફોરવર્ડ સ્કુલના તમામ ટ્રસ્ટીઓ કાર્યક્રમમાં હાજરી આપેલ તથા પાંચ હજાર જેટલા અમરેલીવાસીઓએ લાભ લીધો હતો તેમ આઈપી બારડે જણાવ્યુ છે.

## મનની સ્થિતી જ પરિવર્તન લાવે છે : પૂ. શિવાની દીદી

અમરેલી,

આંતરરાષ્ટ્રીય મોટીવેશનલ સ્પીકર અને પ્રજાપિતા બ્રહ્મકુમારી વિદ્યાલયનાં રાજયોગીનીપૂ.શિવાનીદીદીએઅમરેલીની મુલાકાત દરમિયાન જણાવ્યુ હતુ કે આપણે આખો દિવસ શાંતિ માંગીએ છીએ લોકો સાથે પ્યારથી વાતો કરવી અને સાત્વીકતાભર્યુ જીવન બનાવવા રાજયોગ શીખવા અને શાંતિ ખુશી પુરો દિવસ મેળવી જીવન સાત્વીક બનાવવુસ્વભાવીકછે તેમ પૂ. શિવાનીદીદીએ જણાવ્યુ હતુ વધુમાં પરમાત્માનાં સંદેશો ફેલાવવામાં કેવી અનુભુતી થાય છે. તેવા પ્રશ્નના ઉતરમાં પૂ. શિવાનીદીદીએ જણાવ્યુ કે અમે દરેક સેન્ટરોમાં જઈએ છીએ ત્યાં રેગ્યુલર રીતે મેડીટેશન કરનારનું જોરદાર પરિવર્તન થાય છે. મેડીટેશનથી મનની સ્થિતી સારી બને છે. મનની સ્થિતી જ પરિવર્તન કરે છે.

## મેનેજમેન્ટ ઓફ રેટીનોપેથી ઓફ પ્રિ-મેચ્યુરીટી (ROP)

અમદાવાદ, (રાજેશ મહેતા) આખી દુનિયામાં ભારતમાં સૌથી વધારે અધૂરા મહિને બાળકો જન્મે છે. (૩૦ લાખથી પણ વધુ) ૩૪ અઠવાડિયા પહેલાં અધૂરા માસે જન્મેલ અથવા ૨ કિલોથી ઓછું વજન ધરાવતા નવજાત શિશુમાં રેટીના (આંખના પડદા)નો વિકાસ ખામીયુક્ત હોઈ શકે છે. જેને રેટીનોપેથી ઓફ પ્રિ-મેચ્યુરીટી (૨૦૦) કહેવામાં આવે છે. આવા બાળકોના આંખના પડદાની તપાસ જન્મથી એક મહિનાની અંદર કરાવવી અત્યંત જરૂરી છે. એકમાસની અંદર તેનું નિદાન અને જરૂરી સારવાર ન કરવામાં આવે તો નવજાત શિશુ અંધત્વ પામે છે. NICU માં દાખલ થયેલ નવજાત શિશુમાંથી અંદાજે ૨૧ થી ૪૦% નવજાત શિશુને ROP ની તપાસ જરૂરી હોય છે. ROP ની તપાસ, નિદાન અને સારવાર કરી શકે તેવા આખા ભારત દેશમાં ફક્ત ૨૫૦ ROP EXPERT છે. આ પરિસ્થિતિમાં ટેલિમેડીસીન દ્વારા મોટા ભાગના નવજાત શિશુની આંખના પડદાની તપાસ શક્ય બને છે. ગુજરાત ખાતે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન દ્વારા NRHM Govt.of Gujrat ના સહયોગથી સૌ પ્રથમ જુલાઈ ૨૦૧૨માં ટેલિમેડીસીનની મદદથી ગુજરાત ROP પ્રોજેક્ટ ડો, અલયબેન્કરના નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવેલ જે અંતર્ગત ROP ટીમ ગુજરાતના અંદાજે ૭૭ NICU નિયમિત રીતે જાય છે અને સ્પેશિયલ કેમેરા દ્વારા નવજાત શિશુના આંખના પડદાના ફોટા પાડે છે. આ ROP ટીમ ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ,. હિંમતનગર. ,પાલનપુર, ધારપુર વિગેરે સ્થળોએ સરકારી તથા પ્રાઈવેટ NICU માં નિયમિત જાય છે. ટીમના વડા ડો. અલયબેન્કર અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનની ROP ટીમ આ બધા ફોટા તપાસે છે અને જે બાળકને જરૂર હોય તેને ઈન્જેકશન, લેસર કે ઓપરેશનની જરૂર હોય તે પ્રમાણે સલાહ આપી સારવાર પણ આપે છે. સરકારી હોસ્પિટલના પ્રાત/અને આર્થિક રીતે નબળા દર્દીઓને આ સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. અત્યાર સુધી Gujarat ROP પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૬૮૬ નવજાત શિશુઓની ૧૦૧૩૭૨ આંખોની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૮૧૯ નવજાત શિશુઓની ૧૬૩૮ આંખોની સારવાર કરી, તેઓની જષ્ટિ બચાવી લેવામાં આવી છે અને તેમને અંધ થતા બચાવી લેવાયા છે. Gujarat ROP પ્રોજેક્ટની સફળતાથી પ્રેરિત થઈને ગુજરાતના વધુ તાલુકાઓ સુધી આ પ્રોજેક્ટને પહોંચાડવા માટે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન આ ROP પ્રોજેક્ટનો વિસ્તાર કરવા જઈ રહ્યા છીએ જેથી વધુ નવજાત શિશુઓને અંધ થતા બચાવી શકાય અને તેમની દ્રષ્ટિ જાળવી શકાય.

# સાવરકુંડલા કાણકિયા કોલેજના પ્રો. ડો. બી. ડી. વરૂનો નિવૃત્તિ વિદાયમાન સમારોહ યોજાયો

### ડો. વરૂની કામગીરી બિરદાવી ભવ્યાતિ ભવ્ય સન્માન સાથે વિદાયમાન આપ્યું



રાજુલા, (જયદેવ વરૂ)

શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલામાં આજરોજ અર્થશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડો.બી.ડી.વરૂનો નિવૃત્તિ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવેલ. સમારોહની શરૂઆત ઉપસ્થિત પૂ.ભક્તિરામ બાપુ (માનવ મંદિર સાવરકુંડલા), પ્રિ.ડો.રાજેશભાઈ દવે (ડીન, ફેકલ્ટી ઓફ કોમર્સ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ તથા પ્રિન્સિ. શ્રી યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી), શ્રીપ્રતાપભાઈ ખુમાણ (સનરાઈઝ સ્કુલ), નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ તથા અન્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય તથા પૂ. લલ્લુભાઈ શેઠ તથા પૂ.જોગીદાસ બાપુ ખુમાણ ના ફોટાઓ ને ફુલહાર કરી સમારોહ ખુલ્લો મુકવામાં આવેલ.વા.પ્રિ.રીન્કુબેન ચૌધરીએ સમારોહમાં પધારેલ સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ તેમજ પ્રા.ડો.એમ.જે.પટોળીયાએ ડો.વરૂસાહેબના સન્માન પત્રનું સુંદર રીતે વાંચન કરેલ. નિવૃત્ત સન્માન અંતર્ગત પૂ.ભક્તિરામ બાપુએ શાલ તથા ફુલહારથી વરુ સાહેબનું સન્માન કરી શાબ્દિક આશિર્વચન પાઠવેલ. ત્યારબાદ નૂતન કેળવણી મંડળના મેને.ટ્રસ્ટીશ્રી જયંતીભાઈ વાટલીયા તથા ટ્રસ્ટી શ્રી કનુભાઈ ગેડિયા એ તથા પ્રિ.ડો. એસ.સી.રવિયા, તમામ શૈક્ષણિક સ્ટાફ (અધ્યાપક મંડળ), અર્થશાસ્ત્ર વિભાગ, બિનશૈક્ષણિક તથા વીઝીટીંગ સ્ટાફ દ્વારા વરૂનો સત્કાર સન્માન કરેલ. સમારોહમાં વિશેષ ઉપસ્થિત શ્રી પ્રતાપભાઈ ખુમાણ (વ્હીસલ બ્લોઅર પત્રકાર શ્રી) દ્વારા વરુ સાહેબનું સન્માન કરી પ્રાસંગિક ઉદબોધન કરેલ. આ સમારોહમાં ખાસ ઉપસ્થિત શ્રી સુધીરભાઈ મહેતા (લેખક), કાઠીસમાજના અગ્રણીશ્રીઓ શ્રી મંગળુભાઈ ખુમાણ, કેતનભાઈ ખુમાણ, વનરાજભાઈ ખુમાણ, મહેન્દ્રભાઈ ખુમાણ, અજીતભાઈ ખુમાણ, અનિરુદ્ધભાઈ ચાવડા, અશોકભાઈ ખુમાણ (ઠવી), યોગેશભાઈ ખુમાણ, ભુપેન્દ્રભાઈ, જોરુભાઈ (મેકડા), પ્રવીણભાઈ કોટીલા તેમજ અન્ય મહાનુભાવોએ ખૂબજ ઉમળકાભેર વરુસાહેબ નું સન્માન કરી તંદુરસ્ત અને દીર્ઘાયું જીવનની શુભેચ્છાઓ પાઠવેલ. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો.ડો.પી.ડી.રાણીપાએ પોતાના પ્રવચનમાં વરૂસાહેબ સાથેના શૈક્ષણિક સંસ્મરણો યાદ કરેલ. અર્થશાસ્ત્ર વિભાગના પ્રતિનિધિ સ્વરૂપ વિદ્યાર્થી ભાવિન વ્યાસે પણ વક્તવ્ય આપેલ. કાણકિયા કોલેજની તેમજ સમગ્ર પોતાની ૩૨ થી વધુ વર્ષની શૈક્ષણિક યાત્રાને પ્રો.ડો.બી.ડી. વરૂસાહેબે પોતાની આગવી શૈલીમાં રજૂ કરી સૌને ભાવ તરબોળ કરેલ. ત્યારબાદ સમારંભના અધ્યક્ષશ્રી પ્રિ.ડો રાજેશભાઈ દવેએ પોતાના વક્તવ્યમાં વરૂની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા, સત્યપ્રિયતા, તેમનો ભજનાનંદ, યુનિવર્સિટી ની કે ચૂંટણીની કામગીરી દરેકમાં તેમનો વિશિષ્ટ અને નોંધપાત્ર ફાળો રહ્યો છે તેનો વિશેષ ઉલ્લેખ કરેલ. કાર્યક્રમના અંતે આભાર વિધિ પ્રો.ડો.આશિષભાઈ ચૌહાણે (ગુજરાતી વિભાગ) કરેલ. તેમજ સમગ્ર કાર્યક્રમને ઉત્તમ રીતે સફળ બનાવવા પ્રિ.ડો.એસ.સી.રવિયા તથા સમગ્ર સ્ટાફ ગણે વિશેષ જહેમત ઉઠાવેલ.

## ધારીમાં માનવ અધિકાર સમિતીની કોર મિટીગ મળી



ધારી, સંયુક્ત નૈતિક માનવ અધિકાર સમિતીની કોર કમિટીની મિટિંગ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નિલેષ જોષી ની આગેવાની માં સર્કિટ હાઉસ, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી જેમાં ગુજરાતના તમામ જિલ્લાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ ટીમ દ્વારા જીલ્લા અને શહેરના પ્રમુખશ્રીઓને તાલુકા તથા વોર્ડની વધારાની જવાબદારી સોંપી ટીમના સંગઠનને મજબૂત કરવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. હીગશર્ચૌહજ ની આગામી કોન્ફરન્સ જે દુબઈ ખાતે યોજાવાની છે તેમાં સમિતિના પદાધિકારીઓ ભાગ લે તેના માટે ટીમ તૈયાર કરવા સૂચન કરવામાં આવ્યા હતા. શલ્લઈભ ના મહિલા અધ્યક્ષ શ્રી એશાબેન શાહ દ્વારા મહિલા સશક્તિકરણ માટે અને મહિલા આગેવાની માટેના જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રગીત અને સ્વરૂચી ભોજન કરી મિટિંગનું સમાપન કરવામાં આવ્યું હતું. એમ ગુજરાત રાજ્ય જોઈન્ટ સેક્રેટરી પાર્થ પંડ્યા ની યાદી માં જણાવ્યું હતું

## ટોરેન્ટ ગૃપનું યુએનએમ ફાઉન્ડેશન રાજકોટનાં આંગણે અભિવ્યક્તિ લઇને આવી રહ્યું છે

### અમદાવાદ, વડોદરા, સુરતમાં સફળ આવૃતિ બાદ ૨૨-૨૩ માર્ચે રાજકોટમાં



અમદાવાદ, (રાજેશ મહેતા) ટોરેન્ટ ગૃપનું યુએનએમ ફાઉન્ડેશન રાજકોટમાં અભિવ્યક્તિ લઈને આવી રહ્યુ છે. અમદાવાદ, વડોદરા અને સુરતમાં અભિવ્યક્તિની સફળ આવૃતિઓ બાદ હવે આગામી તા. ૨૨-૨૩ માર્ચે રાજકોટનાં દર્શકોને મંત્રમુગ્ધ કરવા આવી રહેલ છે. જેમાં વહેલા તે પહેલાનાં ધોરણે દર્શકો માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે. ટોરેન્ટ ગૃપનાં મહેતા પરિવાર સંચાલિત યુએનએમ ફાઉન્ડેશનની એક આગવી પહેલ છે જે ઉભરતા કલાકારોનાં માધ્યમથી કલાનાં વિવિધ સ્વરૂપોને પ્રોત્સાહન આપવા અને તેને દર્શકો સમક્ષ રજુ કરવાનો સુંદર પ્રયત્ન કરી રહ્યું છે. અભિવ્યક્તિનાં પ્રદર્શનને નિહાળવા માટે કોઈ પણ પ્રકારનાં આર્થિક કે સામાજીક ભેદાવ વગર દર્શકોને વહેલા તે પહેલાનાં ધોરણે નિઃશુલ્ક પ્રવેશ અપાશે. રાજકોટમાં અભિવ્યક્તિનાં બેનર હેઠળ બે દિવસીય કલાઉત્સવ કોટયાર્ડ એસએન કણસાગરા સ્કુલ, યુનિવર્સિટી રોડ, આકાશવાણી ક્વાર્ટર સામે યોજાશે જેમાં સંગીત, નૃત્ય, નાટકો રજુ કરવામાં આવશે. પ્રથમ દિવસે તા. ૨૨નાં રોજ ધારા રૂઘાણી, ઉનંતી અજમેરા દ્વારા નૃત્ય પ્રદર્શન અને રૂપીન શાહનું નાટક તથા બીજે દિવસે જીજ્ઞેશ સુરાણીનું નૃત્ય પ્રદર્શન અને કબીર તત્વ રવિરાજન રજુ કરશે. એજ રીતે નાટકમાં ભાર્ગવ પુરોહિત, ચિરાગ મોદી, જૈમિલ જોષી, કફંકી રાવલ શેઠ, સોનલ ભાર્ગવ દ્વારા પ્રસ્તુતિ કરાશે. કલા મંડળનાં દક્ષા શેઠ, રજત ધોળકીયા, સૌમ્ય જોષી મેન્ટરીંગ કરશે. અભિવ્યક્તિમાં નૃત્ય સંગીત ચિત્ર, ફોટોગ્રાફી, ઈન્સ્ટોલેશન અને થીયેટરથી માંડીને અસંખ્ય કલા સ્વરૂપોનો સમાવેશ થાય છે. નિઃશુલ્ક લાભ લેવા અને વધુ માહિતી માટે www.abhivyaktiart.org પર લોગઈન કરી શકે છે. અથવા ૭૦૬૯૧૦૪૪૪૪ નંબર ઉપર ફોન કરી શકે છે.

# જામકા વિસ્તાર અને ઉના રાજુલા હાઇવે રોડ ઉપરથી લાકડા ભરેલા બે ટ્રક ઝડપાયા

### વન વિભાગ દ્વારા બન્ને ટ્રકનો ૩૦ હજાર દંડ વસુલ કરાયો



ખાંભા, (રૂચિત મહેતા)

તુલસીશ્યામ રેન્જના જામકા રેવન્યુ વિસ્તારમાંથી બોલેરો ગાડી નં.જી જે ૪ એટી ૧૮૭૫માંથી આટકાટના લાકડા ભરીને નિકળેલ ડ્રાઈવરને પુછપરછ કરતાં જામકા ગામના અશ્વિનભાઈ કેશુભાઈ સાવલીયાની વાડીએથી લાકડાભરી નવા બંદર લઈ જતા તેની કોઈ પાસ પરમીટ ન હોય વનવિભાગ ધારીના નાયબ વન સંરક્ષક રાજદિપસિંહ ઝાલા અને મનિષ ઓડદ્રા, આર.ડી. પાઠક, જી.એમ. ચોવટીયા, સાહીખા ઉશ્માનખા પઠાણ, ગોલણભાઈ વણઝરએ બોલેરો ડ્રાઈવર ધર્મેશભાઈ જીણાભાઈ વાઘેલા રોહિશા વાળાની અટક કરી રૂપિયા ૧૦ હજારનો દંડ વસુલ કરેલ છે. એ જ રીતે ઉનાના વ્યાજપુર ગામે ઉના રાજુલા હાઈવે રોડ પર શોરૂમ નજીક જીજે ૩૨ ટીપ ૧૮૨માં લાકડા ભરીને જતાં ટ્રકની પુછપરછ કરતાં વેરાવળથી મહુવા લઈ જતાં હતાં. જેની કોઈ પરમીટ ન હોય તેથી તેની સામે પણ વનવિભાગે કાર્યવાહી કરી છે. ટ્રક ડ્રાઈવર નુરૂભાઈ ઈબ્રાહીમભાઈ ચૌહાણ રહે. ગોવિંદપરા વેરાવળવાળાની અટક કરી નુકશાની પેટે ૨૦ હજારનો દંડ વસુલ કરી જામીન પર મુકત કરેલ છે.

## નડીયાદ પાસે વંદે ભારત ટ્રેન સાથે અકસ્માત : જાનહાની નહી



મુંબઈથી અમદાવાદની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન આડે ગાય જેવુ કોઈ આડુ આવતા ટ્રેનના આગળના ભાગે ઘોબો પડી ગયો હતો અને કાચ તુટી ગયો હતો. ટ્રેનને ૧૫ મીનીટ પછી ટ્રેન શરૂ કરવામાં આવી હતી. (તસ્વીર પારસ સોની)

# રાજુલા સ્વામિનારાયણ મંદિરે શાકોત્સવ યોજાયો



રાજુલા, (જયદેવ વરૂ)

રાજુલા ખાતે બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત 'શાકોત્સવ' પ્રસંગે સંસદસભ્ય નારણભાઈ કાછડીયા અને રાજુલા વિધાનસભાના સંયોજક રવુભાઈ ખુમાણે ઉપસ્થિત રહી, ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન સહ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. આ તકે બહોળી સંખ્યામાં ભાવિકો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા અખંડાનંદ સ્વામી દ્વારા સમગ્ર કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું હતું

# વિજપડીમાં વિના મુલ્યે નેત્રયજ્ઞ યોજાયો



અમરેલી, રવિવાર ના રોજ વિજપડી ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં સેવા વર્ષ ની ઉજવણી નાં ભાગરૂપે શ્રી સારહી યુથ કલબ ઓફ અમરેલી પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી તથા શ્રી માધવ સેવા ટ્રસ્ટ વિજપડી સયુંકત ઉપક્રમે આયોજીત વિજપડી મુકામે વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ શ્રી સુદર્શન નેત્રાલય અમરેલીના સહયોગથી રાખેલ જેમાં ૧૭૯ દર્દીઓ ની આંખ ની તપાસ કરવા માં આવેલ જેમાંથી ૩૨ દર્દીને મોતિયા નાં, ૩૮ દર્દી ને આંખ નાં ચશ્મા આપવામાં આવેલ સુદર્શન નેત્રાલય અમરેલી નાં ડોક્ટરશ્રીઓએ આંખ નાં તમામ રોગોની વિના મૂલ્યે તપાસ કરેલ.આ અવસરે ઉપસ્થિત રહેતા સારહી યુથ કલબ ઓફ અમરેલી નાં પ્રમુખશ્રી લોકસેવક શ્રી મુકેશભાઈ સંઘાણી, કાયેકારી પ્રમુખશ્રી સુરેશભાઈ શેખવા, અમરેલી શહેર ભાજપ પ્રમુખ શ્રી ભાવેશભાઈ સોઢા, શ્રી જુલભાઈ ગોંડલિયા, શ્રી સંજયભાઈ વણઝારા, સહિત નાં મહાનુભાવો એ હાજરી આપી અને દર્દી નારાયણ ની વ્યવસ્થા અને સેવા કરેલ હતી.

# લાઠીની બાળકીએ રમઝાનમાં રોજુ રાખી ઇબાદત કરી



લાઠી, લાઠી માં મુસ્લિમ સમાજના પાક પવિત્ર રમઝાન મુબારક નો મહીનો શરુ થય ગયો છે રહેમતો બરકતો થી ભરપૂર આ મહિનામાં લોકો વહેલી સવારે જાગી શહેરી કરી રોઝા બાંધી લેતા હોય છે અને આ ધોમ ધખતા તાપ માં આખો દિવસ ભૂખ્યા અન્ન પાણી વગર રહેવા નું હોય છે ત્યારે આ ગરમી માં નાના ભુલકાઓ પણ અલ્લાહ ની ઈબાદત કરવા મા પાછળ ન રહી આ ભુલકાઓ આવી ગરમી માં રોજા રખીને અલ્લાહ ની ઈબાદત કરે છે અને રાષ્ટ્ર માટે દુવા કરતા હોય છે .મમ્મી નસીમબેન પપ્પા મહમદ હનીફ દાદા સલીમભાઈ દાદી સરીફાબેન બધાની લાડકી દીકરી નફીસાખાતુન પ્રથમ રોજુ રાખી અલ્લાહ પાસે ભારત દેશ માટે અમન દેશ ની પ્રગતિ માટે દુઆ માંગી

# સાવરકુંડલામાં રક્તદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય નાં વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દિશતાબ્દી મહોત્સવ અને સનાતન પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાજેન્દ્ર પ્રસાદ મહારાજ નાં અમૃત મહોત્સવ એટલે કે ૭૫ વર્ષ નાં ઉપલક્ષ માં ભાવિઆચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ ની પ્રેરણાથી લોક હિતાર્થ માટે ૧૭ માર્ચ ૨૦૨૪ રવિવાર સમય ૯થી ૧૨, એકસમય એકજ તારીખે ગુજરાત માં ૧૦૭ જગ્યાએ તેમજ ભારત થી, અમેરીકા, ઓસ્ટ્રેલિયા આફ્રિકા, ઈંગ્લેન્ડ, દુબઈ. જર્મની. અને કેનેડા વગેરે દેશોમાં આંતર રાષ્ટ્રીપ મહારક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ. જેના ભાગ રૂપે પટેલ સમાજની વાડી સાવરકુંડલા મુકામે ૧૫૪ યુનીટ મહતમ રક્તદાન ભક્તો દ્વારા કરવામાં આવેલ.

# વાવડીમાં ગાયત્રી યજ્ઞ અને માતાજીનો માંડવો યોજાશે

અમરેલી, રૂખડ ભગતની વાવડી મુકામે તારીખ આગામી તારીખ ૨૭ ૪ ૨૦૨૪ ને શનિવાર ના રોજ સંત શ્રી જટાશંકર બાપુની ૨૭મી પુણ્યતિથિ નિમિત્તો ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞ તથા મેલડી માતાજી મેલડી માતાજી નો નવરંગો માંડવો યોજાશે. આગામી તારીખ ૨૭ ૪ ૨૦૨૪ ને શનિવારના રોજ રાજુલા તાલુકાના રૂખડ ભગત ની વાવડી મુકામે ભવ્ય ધાર્મિક કાર્યક્રમ યોજાશે જેમાં સંત શ્રી જટાશંકર બાપુની ૨૭મી પુણ્યતિથિ નિમિત્તે ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞ તથા મેલડી માતાજી નો નવરંગો માંડવો યોજાશે.

# બગસરામાં રક્તદાન કેમ્પ યોજાયો



બગસરા, (સમીર વિરાણી) શ્રી સ્વામિ નારાયણ સંપ્રદાયના મુખ્ય કેન્દ્રસ્થાન એવા 'વડતાલધામ'માં શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિ દેવોના સ્થાપનાના ૨૦૦માં વર્ષ ચાલે છે, આ સાથે-સાથે શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધીશ્વર પ. પૂ. ધુ. ધુ. શ્રી ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રાગટ્ય ૭૫ વર્ષ થાય છે, જેના ઉપલક્ષ્યમાં સંપ્રદાયના દેશ-વિદેશના વસતા શ્રી ધર્મકુળ આશ્રિત ભક્તો દ્વારા 'વડતાલ ધામ દ્વિશતાબ્દી મહોત્સવ' અને પ. પૂ. આચાર્ય મહારાજશ્રી પ્રાગટ્ય અમૃત મહોત્સવ વર્ષ ઉજવવામાં આવી રહ્યો છે. આ મહોત્સવ અંતર્ગત માનવ અને સમાજ સેવાલક્ષી કાર્યના ભાગરૂપે ભારત સહીત ના અમેરીકા, ઈંગ્લેન્ડ કેનેડા ઓસ્ટ્રેલિયા, દુબઈ, જર્મની સહીતના એકજ સાથે ૧૧૫ ઉપરાંત સ્થળોએ 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# નાગેશ્રી કુમાર શાળાના બાળકોનો પ્રવાસ યોજાયો



જાફરાબાદ, નાગેશ્રી કુમાર શાળા દ્વારા બેગલેસ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૬ થી ૮ના બાળકોને વિવિધ સ્થળોની મુલાકાતે લઈ જવામાં આવ્યા. જેમાં મોરી ઈન્ડસ્ટ્રીજ (કાગવદર), હનુમાન ટેકરી (બાબરકોટ), સિવીલ કોર્ટ (જાફરાબાદ), વઢેરા મંદિર તેમજ દરિયા કિનારાની મુલાકાત, ICICI બેન્ક (જાફરાબાદ), દુધેશ્વર (પેટ્રોલ પંપ) વગેરે સ્થળોની મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકોથી પર રહીને અનુભવરૂપી અને દૃશ્યજ્ઞાન આપવામાં આવ્યું હતું. તમામ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માહિતી અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. આ આયોજન ને સફળ બનાવવા માટે શ્રી નાગેશ્રી પે સેન્ટર શાળાના આચાર્યશ્રી મનોજભાઈ ગૌસ્વામી, કિશોરભાઈ દીક્ષિત, લખુભાઈ સોલંકી, હેમદીપભાઈ બારડ, જયસિંહભાઈ જાદવ વગેરે શિક્ષકોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# ઉનામાં શ્રીનાથજી ચરિત્રામૃત કથા મહોત્સવ

ઉના, ઉના સમગ્ર વૈષ્ણવ ને જણાવતા આનંદ થાય છે કે સૌપ્રથમવાર વલભાચાર્યજીના વંશ ગોસ્વામી શ્રી કૃષ્ણકુમારજી તથા તેના આત્માજઅક્ષય કુમાર જી સત્સંગ સાથે કુલ ફળ રાસો ત્સવ નું ભવ્ય તથા શ્રીનાથજી પ્રાગટ્યની લીલાનું આયોજન તારીખ ૨૨ થી ૨૪ માર્ચ સુવણ બાગ કરવામાં આવેલ છે સાંજે ૪ થી ૭ સાથે ગો.વા રતિલાલ માધવજી ઘો ૨ ડા અને જીતેન્દ્રભાઈ ની માળા પહેરામણી નું આયોજન કરેલ છે તો દરેક વૈષ્ણવ ને હાર્દિક આમંત્રણ છે

# સાવરકુંડલામાં ચકલીના માળા અને કુંડાનું વિતરણ



સાવરકુંડલા, વિશ્વ ચકલી દિવસ નિમિત્તે, કબીર ટેકરી આશ્રમના મહંતશ્રી નારાયણદાસ સાહેબ અને સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા દ્વારા વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા ચકલીઓના માળા અને પાણીના કુંડાનું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવે છે જેથી ચકલીઓને બચાવી શકાય કાયમી માટે ઘર મળી રહે અને તેમને ગરમીમાં રાહત મળી શકે. આ વર્ષે ટ્રસ્ટ દ્વારા ૬૦૦૦ ચકલીના માળા અને ૧૦૦૦ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા ઉતરાયણ પર્વ પર પક્ષી બચાવ અભિયાન અને વિશ્વ સિંહ દિવસની ઉજવણી પણ કરવામાં આવે છે. અને જીવ દયા માટે વિવિધ સેવાકી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટની આ સેવાકીય પ્રવૃત્તિઓ થી ચકલીઓના રક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. આપણે સૌએ આ ટ્રસ્ટને સહકાર આપીને ચકલીઓને બચાવવામાં મદદ કરવી જોઈએ.

# મોટા ભંડારીયાના પાણીના સંપનું ખાતમુર્હુત કરાયું



અમરેલી, અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણી જાહેર થવાની પૂર્વ સુધી વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા વિકાસકામોના ખાતમુહૂર્તમાં જોડાયેલા રહ્યા હતા. છેલ્લા બે દિવસમાં લાખો રૂપિયાના વિકાસકાર્યોનું ધારાસભ્ય વેકરીયાએ પોતાના મતવિસ્તારમાં ખાતમુહૂર્ત કર્યુ હતું. અમરેલી-વડીયા-કુંકાવાવના છેવાડાના વિસ્તારોમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ લાખો રૂપિયાના કામોનું ભૂમિ પૂજન કૌશિકભાઈએ સંપન્ન કર્યુ હતું.

# રાજુલામાં વિહીપ બજરંગ દળના હોદેદારોની વરણી




રાજુલા, આખા વિશ્વ મારામજન્મભૂમિ પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની તૈયારી ચાલી રહી હતી ત્યારે રાજુલા માં વિશ્વહિન્દુ પરિષદ માં નવા પ્રમુખ યુવરાજ ભાઈ ચાંદુ નીમવામાં આવ્યા હતા નિઃસ્વાર્થ સેવાના ભાવે સંપૂર્ણ તૈયારી માં દિવસ રાત અમુક કામ કર્યા હતા તેમની સાથે સેવાભાવી કાર્યકરો જેમકે મનીષ ભાઈ વાઘેલા , વિનુભાઈ શ્રીરામ , જયરાજભાઈ લગ, રાજાભાઈ , દિલીપ ભાઈ વોરા, ગૌરાંગ ભાઈ મહેતા, ઘનશ્યામ ભાઈ મશરું, ચિરાગભાઈ જોશી , રાકેશભાઈ , યુવરાજસિંહ વાળા, મનીષ ભાઈ કાનાબાર , જેન્તી ભાઈ જાની અને સનાતની મિત્રો ના પૂરા સહયોગથી આ આયોજન પાર પાડવામાં આવ્યું હતું તા. ,૧૭/૦૩/૨૦૨૪ ના રોજ વિશ્વહિન્દુ પરિષદ ની એક મિટિંગ બોલાવવા માં આવી હતી જેમાં પ્રદેશ લેવલના જિલ્લા લેવલના વિશ્વહિન્દુ પરિષદના હોદેદારો આવી અને આ સંગઠનની જવાબદારી સોંપવામાં આવી. જે નીચે મુજબ છે. ૧) અધ્યક્ષ-યુવરાજ ભાઈ ચાંદુ, ૨) ઉપપ્રમુખ-લૂહાર વિનુભાઈ પરમાર (શ્રીરામ), ૩) મંત્રી. -ચિરાગભાઈ જોશી, ૪) સહમંત્રી - શિવમભાઈ સાવલિયા, ૫) બજરંગદળ સયોજક- ગૌરાંગભાઈ મહેતા, ૬) પ્રચાર પ્રસાર - સંજીવભાઈ જોશી, ૭) સમરસતા- કિશોરભાઈ પીપટલા, ૭) માતૃશકિત- વિભાબેન મહેતા- હેતલબેન મેખીયા, ૮) ગૌ સેવા- વિક્રમભાઈ ભરવાડ, ૯) સેવા પ્રમુખ- ઘનશ્યામભાઈ મશરૂ-કિર્તીભાઈ, ૧૦) સત્સંગ સયોજક-મનીષભાઈ કાનાબાર, ૧૧) ધર્મચાર્ય સંપર્ક-નિમેષભાઈ ઠાકર, ૧૨) વિધિ પ્રકોષ-વિપુલભાઈ હાનાણી, ૧૩) ધર્મ પ્રચાર-હિતેશભાઈ કાતરીયા-રાકેશદાદા, ૧૪) વિશેષસંપર્ક- ચિંતનભાઈ મહેતા -લૂહાર કેતનભાઈ મકવાણા, ૧૫) સહસેવા પ્રમુખ-યુવરાજસિંહ વાળાની વરણી કરવામાં આવી છે.

# સાધુ સમાજની દિકરીએ પીએચ.ડીની પદવી મેળવી



રાજુલા, પૂજ્ય મોરારીબાપુના લઘુબંધુ શ્રી ચેતનભાઈ હરિયાણીના પુત્રી કુમારી વૈદેહી હરિયાણીએ ભાવનગર યુનિવર્સિટીના અંગ્રેજી ભાષા ભવનમાંથી પીએચ.ડી ની પ્રાપ્ત કરીને સમગ્ર સાધુસમાજનું અને હરિયાણી પરિવારનું ગૌરવ વધાર્યું છે. અંગ્રેજી વિભાગના અધ્યક્ષ શ્રી ડો. દિલીપભાઈ બારડના માર્ગદર્શન નીચે કુમારી વૈદેહીએ હિંદુ ધર્મના મહાગ્રંથ રામાયણનો એ જ સંદર્ભના વર્તમાન ગ્રંથો સાથે તુલનાત્મક અભ્યાસ, 'કન્ટેમ્પરીરીટેલીંગ્સ ઓફ રામાયણ : ઈન સર્ચ ઓફ ન્યૂ કલ્ચરલ મીનીંગ' શિર્ષક અંતર્ગત રજુ કર્યો છે. આ નિબંધને સ્વીકારીને યુનિવર્સિટીએ તેમને ડોકટરેટની ઉપાધિથી નવાજ્યા છે. તલગાજરડાના વતની કુમારી વૈદેહીએ પોતાનું શાળાકિય શિક્ષણ ભાવનગરની કેપીઈએસ ઈંગ્લીશ સ્કૂલમાં પૂર્ણ કરી, શામળદાસ કોલેજમાંથી અંગ્રેજી વિષય સાથે ગ્રેજ્યુએશન કરેલું છે. યુનિવર્સિટીના અંગ્રેજી ભાષા ભવનમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન કરીને પછી પીએચ.ડીનો અભ્યાસ પણ તેમણે ત્યાં જ પૂર્ણ કર્યો છે.

# લાખાવડ નજીક અકસ્માતમાં મૃતકોના પરિવારને સહાય



રાજુલા, જસદણ તાલુકાના લાખાવડ નજીક અકસ્માતમાં ત્રણ વ્યક્તિના કરુણ મોત નિપજયા હતાં. એક બીજી ઘટનામાં ખંભાળીયાના કરજુડા નજીક અકસ્માતમાં કારે અડફેટે લેતાં માતા પુત્રીએ પ્રાણ ગુમાવ્યા હતા. ગઈકાલે જૂનાગઢના બાંટવાના પાજોદ ખાતે ત્રણ ગૌસેવકોના વાહન અકસ્માતમાં મોત નિપજયા છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૨૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે. રાજકોટ અને જૂનાગઢના રામકથાના શ્રોતાઓ દ્વારા આ રાશિ પહોંચાડવામાં આવશે.

# ગળકોટડી પ્રા. શાળામાં ચકલીના માળાનું વિતરણ



બાબરા, (દિપક કનૈયા)
બાબરા તાલુકાનાં ગળકોટડી પ્રા.શાળા સંચાલિત 'નિસર્ગ ઈકો ક્લબ' દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તે અંતર્ગત ચકલી બચાવો અભિયાન અંતર્ગત ચકલીના માળાનું વિતરણ કરાયું હતું. સમગ્ર વિશ્વમાં ૨૦મી માર્ચ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે નિસર્ગ ઈકો ક્લબ દ્વારા જાયન્ટ્સ ગ્રૂપ ઓફ બોટાદ અને રિધ્ધિશભાઈ આર ગેડીયાના મુખ્ય સહયોગથી ચકલી બચાવો અભિયાન અંતર્ગત ગળકોટડી, ખાખરીયા તથા અમરાપરા પરા પ્લોટ પ્રાથમિક શાળા ખાતે નિઃશુલ્ક માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ચિતલમાં મોક્ષધામના જીર્ણોધ્ધાર માટે શ્રીમદ ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ

## વ્યાસપીઠ ઉપર શાસ્ત્રી શ્રી વાલ્મીક દાદા દ્વારા કરાવાઇ રહેલ કથાનું રસપાન



ચિતલ, ચિતલ ખાતે મોક્ષધામનાં જીર્ણોધ્ધાર માટે ચિતલ મોક્ષધામ યુવક મંડળ આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. જેમાં ચિતલના આગેવાનો, નાગરીકો અને ધર્મપ્રેમી જનતા આસ્થાભેર ભાગ લઈ રહી છે. વ્યાસપીઠ ઉપરથી શાસ્ત્રી શ્રી વાલ્મીકદાદા કથાનું રસપાન કરાવી રહયા છે.

# એલિવેટર અને એસ્કેલેટર સેફ્ટી ટ્રસ્ટે સલામતી અને જાગૃતિ ફેલાવવા ૧૫ વર્ષ પુરા કર્યા

અમદાવાદ, (રાજેશ મહેતા) March ૨૦૨૪ - એલિવેટર અને એસ્કેલેટર સેફ્ટી ટ્રસ્ટ (EEST) - એલિવેટર અને એસ્કેલેટર વપરાશકર્તાઓમાં સલામતી જાગૃતિ ફેલાવવાના મિશન સાથે એક સખાવતી અને શૈક્ષણિક ટ્રસ્ટે લોકોની સેવાના ૧૫ હેતુપૂર્ણ વર્ષ પૂર્ણ કર્યા છે. વર્ષ ૨૦૦૮માં સ્થપાયેલ એલિવેટર અને એસ્કેલેટર સેફ્ટી ટ્રસ્ટ ૧૫ વર્ષથી વધુ સમયથી શાળાઓ, હોસ્પિટલો, મોલ્સ અને હાઉસિંગ સોસાયટીઓમાં સુરક્ષા કાર્યક્રમોનું આયોજન કરે છે. EEST વિવિધ સ્તરોના ૪,૫૦,૦૦૦ થી વધુ લોકો સુધી પહોંચ્યું છે અને પ્રભાવિત કર્યું છે અને તેમની સાથે તેમની સ્થાનિક ભાષાઓમાં વાત કરવામાં આવી છે. એલિવેટર કંપનીઓ કે જેમણે આ આઉટરીચને સમર્થન આપ્યું છે તેમાં જોહ્નસન લિફ્ટ્સ, ઓટીઆઈએસ એલિવેટર્સ, ટીકે એલિવેટર ઈન્ડિયા, સિટી લિફ્ટ્સ, ફ્યુજીટેક ઈન્ડિયા, હિટાચી લિફ્ટ્સ, શિન્ડલર ઈન્ડિયા અને તોશિબા જોન્સન એલિવેટર્સ ઈન્ડિયાનો સમાવેશ થાય છે.

# ઇન્ટરનેશનલ સહકારી આગેવાનો તપોવન આશ્રમની મુલાકાતે



અમરેલી,
અમરેલી ખાતે સી. આઈ. સી. ટી. એ, એન. સી. યુ. આઈ અને અમરેલી જિલ્લા સહકારી સંઘ ના સયુંકત ઉપક્રમે આયોજીત ઈન્ટરનેશનલ સહકારી સેમિનાર અંતગર્ત તમામ સહભાગીઓ ને સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત નિર્માણ પામેલ તપોવન આશ્રમની મુલાકાત લીધી હતી.

# સમગ્ર ગુજરાતમાં અમરેલી એસટીની પહેલ

# ડેપોનાં કર્મચારીઓને કાયદાકીય ભાન કરાવતા અમરેલી એસ. ટી. ડેપોના મેનેજર શ્રી એ. પી. કરમટા

## ડેપો મેનેજરે તત્કાલ પોલીસ બોલાવી ગુનો દાખલ કરાવ્યો

અમરેલી,
તારીખ ૨૧/૦૩/૨૦૨૪ ના રોજ લાઠી રોડ પર એસ.ટી . ડિવિઝન પાસે ડેપો માં હેડ મિકેનિક દિલીપ ભાઈ તેઓ ની ફરજમાં હતા ત્યારે વર્કશોપ ના સવારે ૯-૩૦ કલાકે તેઓ ની પાસે આવેલ અને જણાવેલ કે હું ડીઝલ પંપ પર ફરજ બજાવા જઈશ નહીં અને તમારે મારી હાજરી પુરવી જ પડશે એ બાબતે હેડ મિકેનિક સાથે ખોટી રીતે તકરાર ઊભી કરેલ જાહેર માં અસભ્ય વર્તન કરવા લાગેલ અને ખૂબ ખરાબ શબ્દો માં ગાળો જાહેર માં લાગેલ હતા. અને આ સમયે રઘુભાઈ પી ખાચર વર્કશોપ ખાતે એસ.ટી નિગમ ની પ્રીમાઈસીસ માં કેફી પીણું પીધેલી હાલતમાં હતા. સદર બાબતની જાણ ડેપો મનેજર શ્રી એ.પી. કરમટા ને થતા કરમટા દ્વારા તાત્કાલિક પોલીસ બોલાવેલ અને પોલીસે રવુભાઈ પી.ખાચરને એસટી ડિવિઝન નજીક રોડ પર થી પકડેલ અને રવુંભાઈ પી ખાચર પ્રોહિ. એક્ટ ૬૬(૧)(મ) મ જુ બ FIR.no.૧૧૧૯૩૦૦૩૨૪૦૧૭૦ થી કેફી પીણું પીવા બદલ ગુન્હો દાખલ કરેલ છે. રવુભાઈ પી ખાચર કેફી પીણું પીધેલી હાલતમાં હોય તથા પોલીસ સ્ટેશને તેઓની ધરપકડ થયેલ છે. અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે ડેપો મેનેજર શ્રી કરમટા છેલ્લા દોઢ મહિના થી અમરેલી ડેપો મેનેજર તરીકે હાજર થયેલ છે. આ ભૂતકાળ માં પણ શ્રી કરમટા દ્વારા ૨૩ થી વધુ પોલીસ ખૈંઈ કરી માથાભારે ,અને દારૂડિયા કર્મચારી પર અંકુશ મેળવેલ હતો અને ડમી ડ્રાઈવર કોભાંડ, ડમી પાસ કોભાંડ, જેવી જૂની બદી ઓ માંથી વિભાગ ને મુકત કરેલ છે. અને હવે જોવું રહ્યું કે આ બાબતે શું પગલાં લેવાશે....?

# જાફરાબાદ નજીક ખાલસા કંથારીયા ગામનાં માજી સરપંચનાં પત્નીનું નિધન

## ખોખર પરિવારમાં વ્યાપી ગયેલો ઘેરો શોક




જાફરાબાદ,
જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા માજી સરપંચ મનુભાઈ ખોખર પત્નીનું નિધન જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારિયા ગામના સરપંચ શ્રી મનુભાઈ મધુભાઈ ખોખર ના ધર્મ પત્ની શ્રી ચંપાબેન મનુભાઈ ખોખર ઉંમર વર્ષ ૭૫ નું ગઈકાલે દુઃખદ અવસાન થયું છે શ્રી મનુભાઈ ખોખર ખાલસા કંથારીયા ગામના માજી સરપંચે તેમજ પટેલ આગેવાન અમે સહકારી અગ્રણી તેમજ ખાલસા કંથારીયા અને પટેલ સમાજમાં તેમજ અન્ય સમાજમાં પણ સારું એવું પ્રભુત્વ હતું તેમના દુઃખદ અવસાન થી આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં શોખ નહી લાગણી ઉદ્ભવી મનુભાઈ ને બે પુત્રો કાંતિભાઈ તથા કિશોરભાઈ તેમનું પણ ખૂબ જ પ્રભુત્વ છે આ દુઃખદ સમાચાર થી માર્કેટિંગ યાર્ડના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ પટેલ તથા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી અનિરુદ્ધભાઈ વાળા માજી યાદ ના ડિરેક્ટર શ્રી ધીરુભાઈ રાદડિયા તથા માજી સરપંચ શ્રી કનુભાઈ વરુ તથા પંકજ દાદા જોશી વગેરેએ શોકની લાગણી અને દુઃખદ વ્યક્ત કર્યું હતું.

# ભાવનગર પબ્લિક સ્કૂલનાં વિદ્યાર્થીઓએ કરાટે પરીક્ષા આપી




ભાવનગર, ભાવનગર પબ્લિક સ્કૂલ તરફથી તમામ વિદ્યાર્થીઓને સેનસાઈ કમલ એચ દવેના માર્ગદર્શન હેઠળ ફ્રી વાડો કાઈ કરાટે તાલીમ આપવામાં આવે છે, જેમાં દરેક વિદ્યાર્થીઓ કરાટે તાલીમ ખુબ જ સારી રીતે શીખે છે અને કરાટે પરીક્ષા આપે છે. તાજેતરમાં ભાવનગર પબ્લિક સ્કૂલનાં વિદ્યાર્થીઓ માટે ગ્રેડેશન પરીક્ષાનું આયોજન નિલમબાગ પેલેસ ખાતે કરવામાં આવ્યું હતું.

# ઘાંડલામાં એનએસએસ શિબીર યોજાઇ



સાવરકુંડલા,
શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત અને કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર .. શ્રી ગ્રામસેવક કેન્દ્ર ખડસલી પશુપાલન પોલિટેકનિકનો એનએસએસ શિબિર ઘાંડલા મુકામે યોજવામાં આવ્યું જેમાં સૌપ્રથમ એનએસએસ ના વિધાથી દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી ત્યારબાદ સ્થાનિક સરપંચ કાળુભાઈ તેમજ મોહનબાપા તેમજ શામળાભાઈ તેમજ બદરૂભાઈ તેમજ શાળાના હરેશભાઈ પંડ્યા તેમજ ઉપસ્થિત ગ્રામજનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી એનએસએસ શિબિર કેમ્પને ખુલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલિટેકનિક ના પ્રિન્સિપાલ ડોક્ટર કુણાલ બદાણી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું.

# કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## કચ્છ-ભુજના મતદાન મથકમાં અનધિકૃત પ્રવેશ પર પ્રતિબંધ

ભુજ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ તા.૧૬/૦૩/૨૦૨૪ થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે અને કચ્છ જિલ્લામાં તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૦૬/૦૬/૨૦૨૪ સુધી ચાલશે. લોકસભા સામાન્ય ચૂંટણીની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ભારતના ચૂંટણી પંચ તરફથી સૂચનાઓ આપવામાં આવેલી છે. તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાનના દિવસે મતદાન મથકમાં કોઈ અનધિકૃત વ્યક્તિઓ પ્રવેશ કરે નહીં તેની તકેદારી રાખવી જરૂરી છે. આ માટે ભારતના ચૂંટણી પંચ તરફથી ચૂંટણી અધિકારી માટે બહાર પાડવામાં આવેલ આર.ઓ. હેન્ડબુકના 'ધી પોલ' ચેપ્ટરમાં મતદાનના દિવસે મતદાન મથકમાં મતદારો, મતદાન અધિકારો, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ અને એક સમયે ઉમેદવારના એક જ મતદાન એજન્ટ, ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિઓ, ફરજ પરના જાહેર સેવક, મતદારના હાથમાં રહેલા બાળક, અંધ/અશક્ત મતદાર કે જે કોઈ વ્યક્તિની મદદ સિવાય હલી ચલી શક્તા નથી તેવા મતદારો સાથે કોઈ એક વ્યક્તિ, પ્રિસાઈડીંગ ઓફિસર મતદારોને ઓળખવા અથવા મતદાનના કાર્યમાં પ્રિસાઈડીંગ ઓફિસરને મદદ કરવાના હેતુસર પરવાનગી આપે તેવી અન્ય કોઈ વ્યક્તિ, ઝેડ પ્લસ સિક્યુરીટી ધારકના સુરક્ષાકર્મી (સાદા વસ્ત્રોમાં અને શસ્ત્ર દેખાય નહી તે રીતે ગુપ્ત રાખીને) , આવા વ્યક્તિ પ્રવેશ કરી શકે તે માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમિત અરોરાએ કચ્છ-ભુજ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ સંદર્ભે તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાનના દિવસે મતદાન મથકમાં ઉપર જણાવ્યા સિવાયના વ્યક્તિઓ સિવાય અન્ય કોઈ વ્યક્તિ પ્રવેશ કરી શકશે નહી તેમ ફરમાવેલ છે. આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂ. ૨૦૦/-નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે.

# ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## ગુજરાતના માછીમારો દ્વારા બહારની માછીમારી ઉપર પતિબંધ મુકવાની રજુઆતો કચરા ટોપલીમાં

ગીરસોમનાથ, વેરાવળ સાગરપુત્ર ફાઉન્ડેશન માછીમાર બોટ એસો. તથા સમગ્ર વિસ્તારના માછીમારો દ્વારા કેન્દ્ર, રાજય સરકાર ને ૧૦૦ થી પણ વધારે વખત રજૂઆતો કરી બહાર ની ફોશીગ બંધ કરાવવાની માંગ કરેલ છે તન કોઈપણ સાંભળતુ નથી આવેદન પત્રો સીધાજ કચરા ટોપલીમાં નાખવામાં આવે છે જેની સામે ઉગ્ર રોષ વ્યાપેલ છે. વેરાવળ સાગરપુત્ર ફાઉન્ડેશન માછીમાર બોટ એસો. દ્વારા રાજકોટ માં કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલાને રૂબરૂ મળી લાઈન, લાઈટ, પેરા ફીશીગ તાત્કાલીક બંધ કરાવવી જોઈએ આ પવૃતિથી લાખો માછીમારો મોટી નકશાની જઈ રહેલ છે ગુજરાતભર ના દરીયા કિનારે થી ૧૦૦ થી વધુ વખત રજુઆતો કરાઈ છે વેરાવળ ચાલુ કોર્ટ માં જુબાની દરમ્યાન વકોલ ને હાર્ટએટેક આવતા સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે. વેરાવળ પ્રિન્સીપાલ ડ્રીસ્ટ્રીક કોર્ટ ના જજ સુથારીયાની કોર્ટ માં વકીલ રાજશીભાઈ સોલંકી ચાલુ કોર્ટે જુબાની લઈ રહેલ હતા હતા ત્યારે અચાનક હાર્ટએટેક આવતા ગંભીર હાલત માં સારવાર માં લઈ ગયેલ હતા. ત્યાં તેમનું મૃત્યુ થયેલ હતું મુળ. ઉબા ગામના વકીલ હાલ. વેરાવળ રહેતા તેમજ ૮ વર્ષ સરકારી વકીલ એજીપી તરીકે કામગીરી કરેલ હતી ચાલુ કોર્ટે હાર્ટ એટેક આવતા મૃત્યુ પામતા વકીલોમાં ગમગમી ફેલાયેલ હતી. ફક્ત હૈયાધારણા આપી કાગળો કચરા ટોપલીમાં નાખવામાં આવે છે. દરીયાકાંઠે વસતા લાખો માછીમારો ભાજપ સાથે જોડાયેલા છે પણ તેની સમસ્યાનો કોઈ પણ ઉકેલ કરવામાં આવતો નથી ફકત વાતો કરવામાં આવે છે કેન્દ્ર રાજય સરકાર દ્વારા કડક કામગીરી થતી નથી જેથી ભારે રોષ વ્યાપેલ છે.

# જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જુનાગઢ મનપા દ્વારા મિલ્કત વેરાની બાકી લ્હેણી રકમ વસુલવા ૧૭ મિલ્કતો સીલ કરી

### મહાનગરપાલિકાની વસુલાત ટીમ દ્વારા રૂા. ૨૩ લાખની વસુલાત કરાઇ

જુનાગઢ, જુનાગઢ મનપાના કમિશ્નર ડો. ઓમપ્રકાશની સુચના મુજબ મિલ્કતવેરા વસુલાત શાખા દ્વારા મિલ્કત ધરાવતા આસીમોઓ દ્વારા પોતાની મિલ્કતનો લાંબા સમયથી બાકી રહેતી મિલ્કત વેરો રકમ ભરપાઈ ન થતાં મનપા ઘરે વેરાશાખા દ્વારા મિલ્કતોને સિલ કરવાની કામગીરી હાથ ધરી ગાયત્રી નગર, મહેશનગર, મોતિબાગ રોડ, રાયજીબાગ શોપિંગ સેન્ટર, દિપાંજલી-૨, આંબાવાડી- જોષીપુરા મળી કુલ ૧૭ મિલ્કતોને સીલ કરવામાં આવી હતી. આ કામગીરીમાં દોલતપરા ઝોનલ ઓફિસર કેયુર બાથાણી, જોષીપરા ઝોનલ ઓફિસર નિતુબેન વ્યાસ, ટીંબાવાડી ઝોનલ ઓફિસર ત્રિપાલસિંહ રાયજાદા અને હાઉસ ટેક્ષ સુપ્રિટેન્ડેન્ટ વિરલ જોષી, આશિ. કમિશ્નર (ટેક્ષ) કલ્પેશ જી ટોલીયા તથા નાયબ કમિશ્નર એ.એચ. જાપડાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

## જુનાગઢમાં પ્રબોધ તાલીમ યોજાઇ

જુનાગઢ, જુનાગઢ બહાઉદીન સરકારી આટર્સ કોલેજમાં આચાર્ય પી.વી. બારસીયાની પ્રેરણાથી ઈનોવેશન કલબ અંતર્ગત ડીયાકીટ બે દિવસીય પ્રબોધ તાલીમનું કોલેજમાં આયોજન કરાયું હતું. જેમાં સરકારી પોલીટેકનીક કોલેજ જુનાગઢના દિગ્વિજયભાઈ વાજા અને પાર્થભાઈ હાજર રહયા હતા. ડ્રોન અને ટેલીસ્કોપ જેવા સાધનોનો કઈ રીતે સંશોધનમાં ઉપયોગ થઈ શકે તે અંગેની માહિતિ પ્રયોગ દ્વારા આપવામાં આવી હતી.

# અમરેલીમાં રીવરફ્રન્ટની મંજુરી અપાવતા શ્રી કૌશિક વેકરીયાનો આભાર વ્યક્ત કરાયો

## યોજના માટે ૫૦ કરોડ કરતા વધુ રકમ મંજુર : પ્રથમ ફેઇજમાં ૨૯ કરોડ ખર્ચાશે



અમરેલી,ભાજપશાષિત અમરેલી નગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારીઅર્થે વણથંભી વિકાસયાત્રા અલગ અલગવોર્ડમાંરોડનાનવીનીકરણસાથોસાથ શહેરીની શોભામા વધારો કરતા રિવરફ્રન્ટ ની મંજૂરી અંગે કમર કસનાર ગુજરાત સરકાર ના નાયબમુખ્યદંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા નોપાલિકાપ્રમુખતેમજસમગ્રટીમ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. અમરેલી નગર પાલિકા મા ભાજપ ના શાશનના ત્રણ વર્ષ ના ટૂંકા ગાળામાં કરોડો રૂપિયાના વિકાસ આજે પ્રત્યક્ષ જોવા મળી રહેલ છે.શહેરના વિકાસ અર્થે માંગો તેટલી ગ્રાટ મળી રહે તે દિશામા આપણા સૌના હૃદયમાંવસેલાયુવાધારાસભ્યઅનેનાયબ મુખ્યદંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા નો સિંહફાળો રહેલ છે.

જેમાંહાલરુ.દશકરોડનાખર્ચે અમરેલી શહેરના અલગ અલગ વિસ્તારમાં ટ્રિમિક્સ,પેવિંગ બ્લોક સહિતની કામગીરી પ્રગતિમાંછે.સાથોસાથશહેરનાપછાતઅને ઓજી વિસ્તારમાં પણ આજ દિવસ સુધી સ્થાનિક રહીશોએ પાકા રોડના દર્શન પણ કરેલા નથી તેવા સ્થાનિક રહીશોની રોડ સુવિધા અર્થે રુ.આઠ કરોડ ના ખર્ચે રોડ નવીનીકરણની કામગીરી પણ પ્રગતિમા છે.સૌથી મહત્વ ની અને શહેરની શાન શમી રિવરફ્રન્ટ ફ્રન્ટ ની યોજના માટે હાલ ૨૯ કરોડ રૂપિયાજેવીમાતબરરકમનીવહીવટી મંજૂરી પણ મળી ગયેલ છે.જે અંગે આચાર સહિતા બાદ ટેન્ડર પ્રકિયા હાથ ધરવામાં આવશે. આ રિવર ફ્રન્ટ ની યોજના ૫૦ કરોડની યોજના છે.જે અંગે માત્ર ને માત્ર નાયબમુખ્યદંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા ને આભારી છે.શહેરીજનોની સુખાકારીમાં કૌશિકભાઈ વેકરીયાનીજહેમતખરેખરરંગ લાવેલછે.જે અંગેઅમરેલીનગરપાલિકાના પ્રમુખ શ્રી બિપીનભાઈ લીંબાણી સહિત ની ટીમદ્વારાખુબખુબઅભિનંદનસાથેઆભાર વ્યક્તકરવામાંઆવેલહતો.

### જાહેર નોટીસ - કમ ચેતવણી અમારા કહયામાં નથી



આથી અમો નીચે સહી કરનાર મુક્તાબેન રવજીભાઇ બોરડ ઉ.વ.૭૫ જાતે - પટેલ, ધંધો - નિવૃત, રહે. દેવળકી, તા.વડીયા, જી.અમરેલી ના તે આથી જાહેર જનતા જોગ જાહેર નોટીસ કમ ચેતવણી આપી જાહેર કરીએ છીએ કે, અમો હાલ વર્ષોથી વિધવા છીએ અને મે મારા ચાર દિકરીઓના લગ્ન કરી દીધેલ છે. અને મારે એક દિકરો લાલજીભાઇ રવજીભાઇ બોરડ ઉ.વ.આ. ૩૭ જેના લગ્ન મે પંદરેક વર્ષ પહેલા જેતપુર તાલુકાના સાંકળી ગામે વર્ષાબેન સાથે કરાવેલ અને જેઓ બંને પતિ પત્નીને અણબનાવ થતા છેલ્લા આઠેક વર્ષથી આ મારો દિકરો મને છોડીને ક્યાંક જતો રહેલ છે અને તેની પત્ની પણ તેમના પિયરમાં જતી રહેલ છે. મારી જમીન મકાન ઉપર પણ આ મારા દિકરાએ બોજો કરજ કરેલ છે. હાલ હું એક વયોવૃધ્ધ વિધવા અબળા મારી રોજીરોટી મેળવવી મુશ્કેલ છે અને હું નિરાધાર જીવન જીવુ છુ. તો ઉપરોક્ત ફોટાવાળો મારો પુત્ર લાલજી અમારા કહયામાં નથી જેથી લાગતા વળગતાઓએ આ મારા દિકરાની સાથે કોઇ જ આર્થિક કે કોઇ સામાજીક વ્યવહાર કરવો નહી આમ છતા અમારી જાણ બહાર આ મારા દિકરા સાથે કોઇ વહીવટ વહેવાર કરશે તો અમારી કોઇ જવાબદારી નથી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૨૧-૦૩-૨૦૨૪
ગામ : દેવળકી

જાહેરાત આપનાર
(મુક્તાબેન રવજીભાઇ બોરડ) ગામ દેવળકી, તા.વડીયા

### -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર ચંપાબેન રમેશભાઈ માધડ રહે.મુળ ઘુઘરાળા, હાલ. બાબરા, તા. બાબરા, જિ.અમરેલી વાળા લાગતા વળગતા સર્વેને આ નોટીસ થી જાણ/તાકીદ કરીએ છીએ કે, અમો ચંપાબેન વા/ઓ રમેશભાઈ ગોવિંદભાઈ માધડ તથા મીનાબેન ડો/ઓ રમેશભાઈ ગોવિંદભાઈ માધડ રહે.મુળ ઘુઘરાળાના શ્રી રમેશભાઈ ગોવિંદભાઈ માધડના કાયદેસરના વારસદારો છીએ.રમેશભાઈ ગોવિંદભાઈ માધડ અને ગોવિંદભાઈનારણભાઈ માધડનુ અવસાન થયેલ છે.અને ગોવિંદભાઈ નારણભાઈ માધડના નામે ખેતીની જમીન બાબરા તાલુકાની નીલવળા ગામે ખાતા નં. ૬૫૩ સર્વે નં.૯ પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૧-૮૩-૧૨ આવેલ છે.આ ખેતીની જમીનમાં નોંધ નં.૨૧૬૮ થી ૨૨૩૩ વારસાઈ નોંધ દાખલ થયેલ છે જે નોંધમાં અમારા નામો છુપાવી ખોટી વારસાઈ નોંધ દાખલ થયેલ છે.જે નોંધ સામે અમોએ મહે.શ્રી લાઠીના નાયબ કલેકટર સાહેબની કોર્ટમાં અપીલ અરજ દાખલ કરેલ છે.અને અમોને હાલ જાણવા મળેલ છે કે આ જમીનનુ વેચાણ કરવાની તજવીજ કરી રહયા છે જેથી હાલની આ જાહેર નોટીસથી તાકીદ કરવામાં આવે છે કે આ જમીનમાં અમો અરજદારનુ,હકક,હિત, હિસ્સો, સમાયેલ છે અને જે કામે કેસ દાખલ કરેલ હોય જેથી આ જમીનમાં કોઈએ અમારી સંમતિ વગર વેચાણ વહેવાર કે કોઈ પણ પ્રકારનો વેચાણ વહેવાણીરો, બોજા, લોન, કરવા નહી તેમ છતા જો કોઈ અમારી સંમતિ વગર વેચાણ વહેવાર કે ગીરો, બક્ષીસ, વિગેરે કરશે તો તેની સંપુર્ણ જવાબદારી પોતાની અંગત રહેશે જેની નોંધ લેશો. આ કામે તા.૨૧/૦૩/૨૦૨૪ના જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ તે નોટીસમાં ખેતીની જમીન ઘુઘરાળાની લખાયેલ છે જે શરતચુક થયેલ છે જે નીલવળા સમજવુ.

સ્થળ : બાબરા

લી.ચંપાબેન રમેશભાઇ માધડ

### -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર અનીલ એસ.ડોબરીયા એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ / તાકિદ કરૂ છુ કે, અમારા અસીલશ્રી મુક્તાબેન હરેશભાઇ બાબરીયા રહે. ઇંગોરાળા, તા.ખાંભા, જી.અમરેલી વાળાની મિલ્કત અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના મોજે ઇંગોરાળા ગામે ખેડ ખાતા નં.૯૦૦, સર્વે નં.૨૪૭/૨ હે.આરે. ૪-૪૦-૦૦ વાળી જમીન આવેલી છે. જેનું અમારા અસીલશ્રીએ વેચાણ કરેલ છે. જેથી આ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવવાનો થાય છે.

તારીખ : ૨૧-૩-૨૦૨૪
સ્થળ : ખાંભા

અનીલ એસ.ડોબરીયા (એડવોકેટ)
મેઇન બજાર, મામલતદાર ઓફીસ સામે, બલરામ
રેવન્યુ એડવાઇઝર, મુ.ખાંભા, મો.૯૬૬૨૩ ૯૦૪૧૫

### નામ બદલાવેલ છે

આથી મે મારૂ નામ હમીરભાઇ રણછોડભાઇ સાંખટ માંથી આતુભાઇ રણછોડભાઇ સાંખટ બદલાવેલ છે જેની બધાએ નોંધ લેવી. હવેથી હું આતુભાઇ રણછોડભાઇ સાંખટ થી ઓળખાઇશ.
સરનામું : ગામ : છતડીયા, તા.રાજુલા, જી.અમરેલી

દરેક પ્રકારનાં વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝી કૂલર બનાવનાર...
SINCE 1999
ઓથૉ. ડીલર :
Haier VOLTAS Rockwell HI-FROST BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન ● રેલ્વે બુકિંગ ● ફલાઇટ બુકિંગ ● વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

આપના વાહનમાં કાર્બન કલીનીંગ કરાવો અને વાહનનું આયુષ્ય વધારો...
વિકસીત દેશોમાં પ્રચલીત અને ભારતમાં ધુમ મચાવતી આ ટેકનોલોજી હવે આપણા અમરેલી શહેરમાં ઉપલબ્ધ. હાઇડ્રોઓક્સી ગેસની મદદથી સરળ અને સલામત રીતે એન્જીનમાં જમા થયેલ કાર્બનની જડમુળથી સફાઇ
કાર્બન કલીનીંગથી થતા ફાયદાઓ
પીક - અપ વધે છે.
એવરેજ વધે છે.
ધુમાડો (પોલ્યુશન) ઘટે છે.
વાયબ્રેશન, લોકીંગ ઘટે છે.
એન્જીન ઓઇલનો વપરાશ ઘટે છે.
એન્જીનનાં ખર્ચાળ રીપેરીંગ ઘટે છે.
એન્જીનનો અવાજ ઘટે છે.
એન્જીનની તાકાત વધે છે.
એન્જીનની કાર્યદક્ષતા વધે છે.
એન્જીનનું આયુષ્ય વધે છે.
એન્જીનનું કાર્બન કલીનીંગ થયા પછી ડ્રાઇવીંગ કરવામાં એક અનેરો અહેસાસ મહેસુસ થાય છે.
અધતન ટેકનોલોજીથી માત્ર એન્જીનનું 30 કાર્બન કલીનીંગ
મેળવો નવા એન્જીન જેવું પરફોર્મન્સ તે પણ એન્જીન ખોલ્યા વિના.
વધુ વિગત માટે આજે જ સંપર્ક કરો
ગુલઝાર કાર ટાયર કેર
અચુબભાઇ ટાંક મો.૯૮૨૪૪ ૫૮૫૩૦
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, જી.ઇ.બી.ગલી કોર્નર, અમરેલી

જય ઉમિયા માતાજી ૐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ
94281 90118
યુવાનોને ક્રેઝી બનાવવાનું સરનામું એટલે...
ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઇઝ S TO 5XL
લગ્ન સરાની સીઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
◆ કોટન ટ્રાઉઝર ◆ કેઝ્યુઅલ શર્ટ ◆ જીન્સ
◆ ફેન્સી શર્ટ ◆ ટી-શર્ટ
તેમજ ટ્રેકપેન્ટની વિશાળ રેન્જ જોવા પધારો.
ફોર્મલવેરના સ્પેશ્યાલીસ્ટ
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE | SPARE | INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ
અમરેલી

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

સોલર ઓટો કલીનીંગ સિસ્ટમ
શું તમે જાણો છો કે સ્વચ્છ સોલાર પેનલ 30% વધુ ઉર્જા પેદા કરે છે.
સોલાર ધોવાની ઝંઝટમાંથી મુક્તિ
એક સ્વિચ ચાલુ કરો અને સોલારની બધી જ પ્લેટ બે મિનિટ માં સાફ
વીજ ઉત્પાદનમાં 20% થી 30% નો વધારો
સમયનો બચાવ
સલામતી
પૈસાની બચત
લાભમ્ એન્ટરપ્રાઇઝ : મો.૯૪૨૮૮ ૮૮૦૯૮
Solar Water Heater
Showers and Savings
Powered by the sun
'આજે નહી તો કાલે, સોલાર વિના નહી ચાલે'
સોલાર વોટર હીટર
Easy to install
On site service
Saves Electricity
Leads To Fast Heating
લાભમ્ એન્ટરપ્રાઇઝ : મો.૯૮૯૮૧ ૧૫૬૩૧
National Portal for Rooftop Solar
રજીસ્ટ્રેશન ચાલુ થઇ ગયું છે.
subsidy₹:78000
લાભમ એન્ટરપ્રાઇઝ મો.૯૪૨૮૮ ૮૮૦૯૮

MGA મધુવન ગોલ્ડ આર્ટ
શુભ મંગલ ને વધાવે, "મધુવન" હર નારી ને દીપાવે
madhuvan gold art
madhuvangold.in

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
● બાયપાસ બ્રાન્ચ ● સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
● બાબરા બ્રાન્ચ ● સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
● ધારી બ્રાન્ચ ● રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

